**સૂર્યોદય - ૫.૫૭ સૂર્યાસ્ત - ૭.૧૭**

## તિથિદર્શન

જેઠ સુદ-૧૦ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :દશમ ગુરૂવાર નક્ષત્ર :ઉત્તર ફાલ્ગુની રાત્રે ૭.૫૫ પછી ઉત્તર ફાલ્ગુની યોગ :હર્ષણ કરણઃ બાલવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**ઉદ્યોગિનં પુરૂષસિંહમુપેતિ લક્ષ્મી દૈવં**
**દેયમિતિ કાપરૂષા વદન્તિ**
**દેવં નિહત્યકુરુ પોરૂષમાત્મ શક્યતા**
**યત્નેકૃતિ યદિ ન સિધ્યતિ કોઅમ દોષઃ**

ભાવાર્થઃ સિંહ જેવા બહાદુર અને પુરૂષાર્થી મનુષ્યને લક્ષ્મી વરે છે. નસીબથી પ્રાપ્ત થાય છે એમ તો માત્ર કાયરો જ કહે છે. નસીબને ભૂલી જઈ વિસ્તારે પાડીને યથાશક્તિ, વિશ્વાસપૂર્વક પુરુષાર્થ કરો! અને પુરુષાર્થ કરવા છતાંય જો સિદ્ધિ પ્રાપ્ત ન થાય તો એમાં કોનો વાંક? આળસુ મનુષ્યના મોઢામાં કોઈ કોળિયો મૂકી આપતું નથી, હાથ વડે એટલો તો પુરુષાર્થ કરવો જ પડે, નસીબ આવીને એક કોળિયો પણ કોઈના મુખમાં મૂકી જતું નથી. પરિશ્રમ દ્વારા જે પ્રસ્વેદ પાડે છે એની પાસે જ આ સાત્વિક સુલક્ષ્મી આવે છે. આવી લક્ષ્મી આવવાથી સત્કાર્યો અને સદ્વિચાર આવે છે, પુણ્યકાર્ય થાય છે, સુખ- શાંતિ રહે છે. અલક્ષ્મી બે નંબરી, કાળાં નાણાં, જે ટૂંકે રસ્તે પરિશ્રમ વિના, કૌભાંડો - ખાયકી- કમિશન મલાઈથી આવે તેમાં અશાંતિ - ઉપાધિ- કોર્ટ, તિહાર બધું આવે, રોગ, હોસ્પિટલ અને પારિવારિક સમસ્યાઓ બધું જ આવે છે. નસીબથી કંઈ મળતું નથી. નસીબ માત્ર પુરુષાર્થને સાથ આપે છે, મદદ કરે ટેકો આપે છે. નસીબ આપણા વતી કામ કરવા જતું નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)પ્રયત્ન પ્રમાણે જોઇએ તેવી સફળતા ન મળે. ગૃહજીવનમાં સંવાદિતતા રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) મિત્રોની મદદની આશાએ ન બેસી રહેવું. વ્યર્થ ચિંતા અનુભવાય.**
**મિથુન : (ક.છ.ઘ.)નાનો ખર્ચનો પ્રસંગ બને. માનસિક પ્રફુલિતતા રહે.**
**કર્ક : (ડ.હ.) કાર્યોમાં ધારી સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતી થાય.**
**સિંહ : (મ.ટ.)સુખ અને આનંદમાં વધારો થાય, ગુપ્ત શત્રુથી સાવધ રહેવું.**
**કન્યા : (પ.ઠ.ણ.)આર્થિક આયોજન ગોટે ચડે. વડીલવર્ગથી મતભેદ રહે.**
**તુલા : (ર.ત.)ખાવાપીમાં કાળજી રાખવી. સસરાપક્ષથી લાભ થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)વેપાર-ધંધામાં લાભ રહે. અગત્યના કાર્યમાં સફળતા મળે.**
**ધન : (ભ.ફ.ધ.) અગત્યના કાર્યમાં નાનું વિઘ્ન આવે. આરોગ્યમાં તંદુરસ્તી અનુભવાય.**
**મકર : (ખ.જ.) કોર્ટ-કચેરીના કાર્યો ટાળવા, પારિવારીક જીવનમાં આનંદ રહે.**
**કુંભ : (ગ.શ.સ.)સંતાનવર્ગ સાથે મનદુઃખ રહે. આવકમાં વૃધ્ધિથાય.**
**મીન : (દ.ચ.જ.થ.)સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

વિશ્વના મહાન વિજ્ઞાનીઓમાં જેમની અગ્રીમ ગણના થાય છે, તેવા વિદ્વાન ડૉક્ટર નિકોલસ કોપરનિક્સની પુણ્યતીથિ છે. એમનો જન્મ તા.૧૯/૨/૧૪૭૩ના રોજ જર્મનીના પ્રશિયા રાજ્યની સરહદ પર આવેલા થોર્ન ગામે થયો હતો.

સૂર્યમંડળનો સિદ્ધાંત સ્થાપિત કરવાનો યશ એમનો ફાળે જાય છે. તેમણે સ્થાપેલા બધા સિદ્ધાંતો નિરીક્ષણ અને પ્રયોગને આધારે તારવેલાં સત્યો, ખગોળની હકીકતોને ન્યૂરેમ્બર્ગમાં છપાવીને એક પુસ્તક તૈયાર કર્યું. એમણે વર્ષો જૂના એરિસ્ટોટલ અને ટોલેમી જેવા વિદ્વાનોના સિદ્ધાંતોને પડકાર ફેંકી નવાં સત્યો અને તારણો રજૂ કરી ખગોળશાસ્ત્રને નૂતન દિશામાં પ્રગતિ કરાવી. આ મહાન વિજ્ઞાનીનું ૨૪/૫/૧૫૪૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા.૨૪.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૪૯૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૩.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૧૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૬૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૯૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૩૯૬ પોઈન્ટ થી ૧૦૩૮૮ પોઈન્ટ, ૧૦૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૪૯૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૨૩.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૫૫૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૨૫૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૬૦૬ પોઈન્ટ થી ૨૫૬૩૦ પોઈન્ટ, ૨૫૬૪૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૪૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**લાર્સેન લિમિટેડ (૧૩૨૭) :- કન્સ્ટ્રકશન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૧૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૦૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૩૭ થી રૂ.૧૩૪૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**એશિયન પેઈન્ટસ (૧૨૮૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૯૬ થી રૂ.૧૩૦૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ઇન્ફોસિસ (૧૧૮૫) :- રૂ.૧૧૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૪૭ ના બીજા સપોર્ટથી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૯૭ થી રૂ.૧૨૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ટેક મહિન્દ્રા (૭૦૧) :- ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૭૧૩ થી રૂ.૭૧૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઓરબિન્દો ફાર્મા (૫૭૬) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૬૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૮૪ થી રૂ.૫૯૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**કોટક બેન્ક (૧૨૪૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૨૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૩૬ થી રૂ.૧૨૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૨૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**BEML લિમિટેડ (૯૨૧) :- રૂ.૯૩૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૦૯ થી રૂ.૮૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**રામકો સિમેન્ટ (૭૮૮) :- સિમેન્ટ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૦૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૭૭ થી રૂ.૭૭૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**હેવલ્સ ઈન્ડિયા (૫૪૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇલેક્ટ્રીક ઇક્વિપમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૫૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૭ થી રૂ.૫૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૬૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૩૭૪) :- રૂ.૩૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૬૬ થી રૂ.૩૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૯૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# "પરલોક સુધારવા પાપભિતિ-પ્રભુભક્તિ લાવો" રાજરક્ષિત વિજયજી મ.



સુરત

વાપી જી.આઈ.ડી.સી.શ્રી આદિનાથ જિનાલયમાં પંન્યાસ શ્રી રાજરક્ષિત વિજયજીએ સત્સંગ સભાને સંબોધન કરતાં જણાવ્યું કે, એન્જીનીયર પ્લાન બનાવે તે રીતે ઘર બને છે, દરજી કાપડનું કટીંગ કરે તે રીતે વસ્ત્ર તૈયાર થાય છે તેમ આપણે સારૂ કે ખરાબ જીવન જીવીએ તે પ્રમાણે સારીગતિ કે દુર્ગતિ નક્કી થાય છે. ચાર ધામની યાત્રા કરવા પૂર્વે આપણે રીઝર્વેશન, ધર્મશાળા, નાસ્તા પાણીની તૈયારી કરીએ છીએ. પરંતુ મહાયાત્રા (પરલોક) માટે કઈ તૈયારી કરી છે ?? પરલોક સુધારવા માટે પાપ પ્રત્યે ભિતિ (ડર) અને પરમાત્મા પ્રત્યે પ્રિતિ લાવવી જોઈએ. પ્રભુ પાપીને પરમાત્મા ભોગીને ભગવાન બનાવે છે. પરમાત્માનો દાસ કદાપિ ઉદાસ ન હોઈ શકે, ખેડૂતનો વરસાદ ઉપરનો ભરોસો ફેલ થઈ શકે, વેપારીનો બેંક ઉપરનો વિશ્વાસ તૂટી શકે, પરંતુ ભક્તોનો ભગવાન પ્રત્યેનો ભરોસો કદાપિ નિષ્ફળ જતો નથી.

પૂજ્યશ્રીએ શ્રોતાજનોને કહ્યું કે, પરલોક સુધારવા માટે પાપનો ડર પેદા કરો- સાપ કરતાં પાપ વધુ ભયાનક છે. પાપ એવી પ્રોડેકટ છે. જે લેવા જાઓ ત્યારે મીઠી લાગે. પરંતુ પેમેન્ટ ચૂકવવા જઈએ ત્યારે કેડ તૂટી જાય પાપની મજા દુર્ગતિની સજા.

# રામપુરા (વા) માંડલ વચ્ચે રેલ નદીમાં ચેકડેમ બનાવવાની ખેડૂતોની માંગ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના રામપુરા (વા)-માંડલ ગામ વચ્ચે રેલ નદીના પટમાં, ચેકડેમ બનાવવાની સ્થાનિક ખેડૂતો-પશુપાલકોની માંગણી થઈ ઉઠી છે. હાલમાં તા.૧/૫/૧૮ થી રાજ્ય સરકાર દ્વારા સુજલામ્ સુફલામ્ જળ અભિયાન યોજના હેઠળ આવે તેવી ખેડૂતોની માંગણી છે. આ રામપુરા (વા) માંડલ વચ્ચેના ચેકડેમનું સર્વેનું કામ તત્કાલીન ધારાસભ્ય મફતલાલ પુરોહીતના સમયમાં થયેલ હતું. પણ હજુ સુધી આ કામ થયું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ચેકડેમનું કામ શરૂ કરવા માટે, છેલ્લી વિધાનસભાની ચુંટણી વખતે મશીનરી આવેલ હતી, પણ ચુંટણીનું પરીણામ આવ્યા પછી, તે કામ કર્યા વગર પાછી ગઈ હતી.) તે ઉપરાંત આ રેલ નદીમાં પટમાં દર પાંચ કિલો મીટરની લંબાઈએ, ધાનેરા સુધી ચેકડેમ બનાવવામાં આવે તો, ધાનેરા તાલુકામાં પાણીમાં તળ ઉંચા આવે, અને આખો ધાનેરા તાલુકો હરીયાળો બની જાય. ખેડૂતોની ખેતી વધુ નફાકારક બની જાય, તથા પશુપાલકો પણ તેનો વધારે લાભ મેળવી શકે. તો આ ચેકડેમનું કામ યુધ્ધના ધોરણે રાજ્ય સરકાર કરાવે, તેવી તાલુકાના તમામ ખેડૂતો-પશુપાલકોની માંગણી છે.

પાલનપુરમાં તસ્કરોનો તરખાટ

# ત્રિશલાપાર્ક સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

**સોના- ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૨.૪૪ લાખના મુદ્દામાલની ચોરી**

પાલનપુર

પાલનપુરમાં સક્રિય બનેલા તસ્કરો હવે તરખાટ મચાવી રહ્યા છે. ગત સોમવારે રાત્રે મહાલક્ષ્મી સોસાયટીમાં એક મકાનને નિશાન બનાવ્યા બાદ ગત રાત્રે અંબિકાનગર વિસ્તારમાં આવેલી ત્રિશલાપાર્ક સોસાયટીમાં આવેલા મકાનમાંથી સોના- ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૨.૪૪ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઇ જતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરની ત્રિશલાપાર્ક સોસાયટીમાં રહેતા ગિરીશકુમાર નવીનચંદ્ર શાહના બંધ મકાનના દરવાજાના નકુચા તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. અને તિજોરી તોડી અંદરથી રોકડા રૂપિયા ૧,૧૦,૦૦૦ તેમજ સોના- ચાંદીના દાગીના, ટાઇટન ઘડીયાલ, કેમેરા બે નંગ મળી કુલ રૂપિયા ૨,૪૪,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી છુટ્યા હતા. આ અંગેની મકાન માલિકને જાણ થતાં તેમણે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# લાંચ કેસમાં સપડાયેલા દાંતીવાડાના આરએફઓએ ૪ દિવસના રિમાન્ડ પર

## નોટો ચાવી જતા નોટ પર લાળના મુદ્દે ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે

પાલનપુર

દાંતીવાડા આરએફઓ એસીબી ના છટકામાં રૂપિયા ૧૨,૦૦૦ની લાંચ લેતા ઝડપાઇ ગયા હતા. જ્યારે એસીબીએ છાપો માર્યો ત્યારે આ અધિકારીએ પાવડરવાળી નોટો ચાવી જવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે એફએસએલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. દરમિયાન બુધવારે તેમને ડીસા કોર્ટમાં રજૂ કરવામાં આવતાં ન્યાયાધીશે ચાર દિવસના રિમાન્ડ આપ્યા હતા.

દાંતીવાડા રેન્જ ફોરેસ્ટ ઓફિસર ચંદ્રકાંત ગણપતલાલ જોષી મંગળવારે એક ટ્રેક્ટર ચાલક પાસેથી રૂપિયા૧૨૦૦૦ની લાંચ લેતા પાલનપુર એસીબી પીઆઇ કે. જે. પટેલના હાથે ઝડપાઇ ગયા હતા. જોકે, એસીબીએ જ્યારે સફળ ટ્રેપ કરી ત્યારે આરએફઓ એ પાવડરવાળી નોટો પોતાના મોઢામાં ચાવી જવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, એસીબી અધિકારી એ ચપળતા દાખવી નોટો કબ્જે કરી લીધી હતી. આ અંગે સુત્રોએ જણાવ્યું હતુ કે, નોટો ઉપર લાગેલી આરએફઓની લાળના મુદ્દે ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે.

આ ઉપરાંત એફ એસ એલની પણ મદદ લેવામાં આવી છે. દરમિયાન લાંચિયા અધિકારીને બુધવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં ન્યાયધિશે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

# બનાસ ડેરી ખાતે ટ્રાફિક અવેરનેસ અંગે માહિતી અપાઈ

પાલનપુર

એશિયાની નામાંકીત બનાસ ડેરી ખાતે કોન્ટ્રાક્ટરો અને દૂધ વાહનના ડ્રાઈવરોને ટ્રાફિક અવેરનેસ અંગે પાલનપુર તાલુકાના પી.એસ.આઈ દ્વારા માહિતી અપાઈ હતી.

પી.એસ.આઈ શ્રી અશોકભાઈ પટેલે કહ્યું હતું કે વાહનના ડ્રાઈવરો સમજણ પૂર્વક વાહન ચલાવે તો અનેક ગંભીર અકસ્માતો રોકી શકાય છે. ક્યારેક નાનકડી ભૂલ પણ જીવલેણ સાબિત થતી હોય છે અને તેના લીધે પરિવાર પર પણ મુશ્કેલી આવી પડતી હોય છે. વાહન ચલાવતામાં કેટલીક તકેદારી રાખીશું તો ટ્રાફિક સમસ્યા તથા ભયાનક અકસ્માત અટકાવી શકીશું. કોઇ પણ વાહન ચાલવતા હોઈએ ત્યારે પાયાના જ્ઞાન સાથે પોતાની તથા લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી છે. હાલના સમયમાં શહેરોમાં ટ્રાફિક સમસ્યાના લીધે અનેક મુશ્કેલી ઉભી થઇ રહી છે તેના લીધે પ્રદૂષણમાં પણ વધારો થઇ રહ્યો છે. આ કાર્યક્રમમાં કોન્ટ્રાક્ટરો અને દૂધ વાહનના ડ્રાઈવરોને ટ્રાફિક અવેરનેસ અંગે ફિલ્મ બતાવીને ટ્રાફિક સમસ્યા અને અકસ્માત અટકાવવા શું કરવું જોઈએ તેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રંસગે બનાસ ડેરીના ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર કામરાજભાઈ ચૌધરી, એમ.પી વિભાગના આસી. જનરલ મેનેજર ડૉ. પ્રફુલભાઈ ભાણવડીયા, ડૉ. હરિભાઈ પટેલ, સાયગલજી અને દૂધ વાહનના ડ્રાઈવરો અને કોન્ટ્રાક્ટરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળના સભ્યો મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાતે


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

બનાસકાંઠા જિલ્લામાં સમાજને સંગઠિત શિક્ષિત અને વ્યસનમુક્ત માટે પ્રેરણા પૂરું પાડતા અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળના સભ્યો અને પદ્મ ગેનાભાઈ પટેલ ગતરોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં પદ્મ ગેનાભાઈ પટેલ ઈઝરાયલના પ્રવાસ બાદ પ્રથમવાર મુખ્યમંત્રી અને ઉપ મુખ્યમંત્રીની મુલાકાત લીધી હતી અને આપણા ગુજરાતમાં પણ ઈઝરાયલ ટેકનોલોજી જો વસાવામાં આવે તો કેવા ફાયદા થઈ શકે જેના ઉપર ચર્ચા કરવામાં આવી હતી તો બનાસકાંઠા જિલ્લામાં શ્રી અખિલ આંજણા યુવા મંડળ દવરા સમાજમાં ચલાવવામાં આવતા વ્યસનમુક્તિ અભિયાનને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા મંડળને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે પદ્મ ગેનાભાઈ પટેલ યુવા મંડળના મહામંત્રી ધનજીભાઈ પટેલ મંડળના સદસ્ય પરખાજી પટેલ સહિત મંડળના સભ્યોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## શ્રધ્ધાનું ફળ

એકવાર દુર્વાસામૂનિ પોતાના દસ હજાર શિષ્યોને લઈને દુર્યોધનને ત્યાં ગયા દુર્યોધને દુર્વસા મુનિનો ભારે ભપકા સાથે યોગ્ય સત્કાર કર્યો અને તેને યોગ્ય આસન પણ આપ્યો. તેમની ખૂબ જ સેવા કરી અને આખો દિવસ ખડે પગે તેમની સેવામાં રહ્યો. આવી સતત સેવા જોઈ અને મહાન એવા દુર્વાસામુનિ ખૂબ જ પ્રસન્ન થયા.

દુર્યોધન પર પ્રસન્ન થયેલા દુર્વસામુનિ કહે છે કે, "હે દુર્યોધન તારી આ સેવાથી હું પ્રસન્ન થયો છું એ માટે હું તને એક વરદાન આપવા માંગુ છું. માટે તું વરદાન માંગ."

આ તો હતો દુર્યોધન, તેને કોઈ સારૂ કામ તો મનમાં આવે જ નહીં. તેને થયું કે, કંઈક એવું વરદાન માંગુ કે જેથી પાંડવોને માટે સંકટ ઉભુ થાય તેથી દુર્વાસામુનિને પગે લાગી અને કહેછે, "મહારાજા, આપની જો મારા પર કૃપાજ હોય તો મને એવું વરદાન આપો કે, અહિંથી તમે સીધા પાંડવોને ત્યાં જજો અને તમારી સેવાનો લાભ દ્રૌપદીજીને પણ આપજો." અને ત્યા પણ તમારા આ દસહજાર શિષ્યોને પણ સાથે લઈ જજો. એટલી મારા ઉપર કૃપા કરજો. એટલે સમજી લ્યો કે મને મારૂ વરદાન મળી ગયું."

આ પ્રમાણે વરદાન માંગી દુર્વાસામુનિના ક્રોધનો ભોગ પાંડવો બને તે હેતુ સાથે દુર્યોધને કહ્યું ત્યારે દુર્વાસામુનિ કહે છે, "ભલે ત્યારે, વરદાન આપ્યું." પછી દુર્યોધનને ત્યાંથી દુર્વાસામુનિ નિકળી અને પાંડવોને ત્યાં જવા રવાના થયા અને પાંડવોને ત્યાં બરોબર તેવા સમયે પહોંચ્યા કે, પાંચે પાંડવો અને દ્રૌપદીજીએ તો ભોજન કરી લીધું હતું.

તેમની પાસે એક અક્ષયપાત્ર હતું. તે અક્ષયપાત્રમાંથી જ્યાં સુધી દ્રૌપદીજી ન જમે ત્યાં સુધી જેટલા લોકો આવે તેટલા લોકો જમી જાય એવું વચન હતું. બાકી તમની પાસે બીજું કાંઈ ધનધાન્ય તે સમયે ન હતું. દુર્વાસામુનિ દ્રૌપદીજીને સંબોધીને કહે છે, "બેટા, હું મારા દસહજાર શિષ્યો સાથે તારે ત્યાં અતિથિ થઈને આવ્યું છું અને અમે સૌ સ્નાન કરીને આવીએ છીએ. પછી ભોજન તમારે ત્યાં લેશું." કહી અને દુર્વાસામુનિ તો નાહવા રવાના થઈ ગયા.

બીજી બાજુ સૌથી વધુ દ્રૌપદીજી ગભરાયા તેમની આંખોમાં ઝરઝરીયા આવી ગયા. તેમને ખરા હૃદયથી શ્રી કૃષ્ણ ભગવાનને યાદ કર્યા. એટલે ભગવાન શ્રી કૃષ્ણ તો સાક્ષાત પરમાત્મા હતા. તે જાણી ગયા કે, દ્રૌપદીજી અને પાડવો મોટી આફતમાં છે અને દુર્યોધને દુર્વાસામુનિનો સાપ પાંડવોને લાગે એ માટે આ આયોજન કર્યુ છે. એટલે દ્રૌપદીજીએ કરેલા સ્મરણથી ભગવાન શ્રી કૃષ્ણ ત્યાં પહોંચી ગયા અને પુછ્યું, "કેમ દ્રૌપદી, તમે ચિંતામાં છો ?"

દ્રૌપદીજી સઘળી હકિકત કહી સંભળાવી. એ સાંભળી અને ભગવાન શ્રી કૃષ્ણએ દ્રૌપદીજીને કહ્યું. "તમે જેમાંથી ભોજન લ્યો છો તે અક્ષયપાત્ર લઈ આવોને.."

દ્રૌપદીજી અક્ષયપાત્ર લઈ આવ્યા તેમાં બરોબર જોયું તો એક ચોખાના દાણો જોયો તે લઈ અને ભગવાન શ્રી કૃષ્ણએ તરત જ મોઢામાં મૂકી દીધો અને પછી તરત જ ઓડકાર ખાધો.

આ બાજુ નાહી રહેલા દુર્વાસામુનિ અને તેમના દસહજાર શિષ્યોના પેટ ભરાઈ ગયા. આથી દુર્વાસામુનિ જાણી ગયા કે, જરૂર આ ભગવાન શ્રી કૃષ્ણની લીલા છે અને તે પાંડવો પાસે પહોંચી ગયા છે. માટે હવે ત્યાં જવામાં માલ નથી. એમ પરિસ્થિતિને પામી જઈ અને તે પાંડવોને ત્યાં ન જતાં પોતાના શિષ્યો સાથે બારોબાર પોતાના આશ્રમે જતાં રહ્યાં.

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે, "પાંડવો અને દ્રૌપદીજી, હવે તમે ચિંતા છોડી આરામ કરો. દુર્વાસામુનિ અને તેમના શિષ્યો તો ક્યારનાય પોતાના આશ્રમે પહોંચી ગયા છે. આમ, કહી પાંડવોની ફરી એકવાર રક્ષા કરી અને ભગવાન શ્રી કૃષ્ણએ ત્યાંથી વિદાય લીધી.

**આજનું ભજન**

હરિ મારૂ મનડું મન મોહનમાં,
મને ગમતું નથી ભુવનમાં.
હરી મારી પ્રિત પ્રભુ દર્શનમાં
મને ગમતું નથી ભુવનમાં.
હરવું ફરવું રમવુ જમવું જુગવેવારે સંચરવું,
હરિ મને રૂચે નહીં જીવનમાં, મને ગમતું નથી ભુવનમાં.
સગા સંબંધી સુત વીત નારી કડવા લાગે સહુ સંસારી,
હાંરે મારૂ અકળામણ બંધનમાં, મને ગમતું નથી ભુવનમાં.
નીંદરડીમાં ઝબકી જાગી ચાર દિશાએ નિરખવા લાગી,
હાંરે નવ દેખું શ્યામ સદનમાં, મને ગમતું નથી ભુવનમાં.
ભાગ્ય અમારા ક્યારે ઉગડશે ? ક્યારે મળશે કૃષ્ણ કનૈયા ?
હાંરે એની તાલાવેલી તનમનમાં, મને ગમતું નથી ભુવનમાં.
"વલ્લભ" ના સ્વામીને મળવા મને ફરવું વન ઉપવનમાં,
હાંરે મારૂ મનડું મન મોહનમાં, મને ગમતું નથી ભુવનમાં.

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**

# થરાદ સહિત બ.કાંઠામાં ૮૦૦ ગ્રામીણ ડાકસેવકો અચોક્કસ મુદ્દતની હડતાળ પર


વિષ્ણુ પરમાર)

પ્રતિ. થરાદ

શ્રી કમલેશચંદ્ર કમિટીનો રિપોર્ટ તાત્કાલિક અસરથી લાગુ કરવાના મુદ્દે બનાસકાંઠાના ૮૦૦ ગ્રામીણ ડાકસેવક મંગળવારથી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતરી ગયા હતા. પોતાના હક અને હિસ્સા માટેની અંતિમ લડાઈ હોવાનું આહવાન કરતાં આ લડાઈ માત્ર એક જીડીએસની નહીં પરંતુ ભવિષ્યની ગણાવી પગાર કપાવાની ચિંતા કર્યા વગર પણ હડતાલને સંપૂર્ણ સફળ બનાવવાની હાકલ કરી યુદ્ધ એ જ કલ્યાણના નારા સાથે કર્મચારીઓને જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાકસેવકના યુનિયન દિલ્હીના આદેશ અનુસાર સરકારને હડતાલની નોટિસ અપાયા બાદ ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક સંઘના બનાસકાંઠા યુનિયનના પ્રમુખ, ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક સંઘના ગુજરાત પ્રદેશ વર્કિંગ પ્રમુખ ઘેવદાસજી સાધુની અધ્યક્ષતામાં બહોળી સંખ્યામાં કર્મચારીઓ ન્યાય મેળવીને જ ઝંપવાના મનુસુબા સાથે હડતાળમાં જોડાઈ ગયા હતા. ગ્રામિણ ડાક સેવકો હડતાળ પર ઉતરી જતાં ગ્રામીણ વિસ્તારોમાં પોસ્ટલ સેવા પર પ્રથમ દીવસથી જ વ્યાપક અસર થવા પામી હતી.

# અવસાન નોંધ

ડીસા



લાખણી તાલુકામાં કોટડા ગામના રામલાલ સગાળચંદ ઠક્કર (મર્દ મસાલાવાળા) નું ત૧૧.૧૫૧/૫૧/૧૮ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે. તેઓ માયાળુ, પરગજુ અને મિલનસાર સ્વભાવના હતા. તેમના અવસાન થી પરીવારજનો તથા ગ્રામજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# સમસ્ત મહાજન સંસ્થા દ્વારા ડીસા તાલુકાના ૧૯ ગામોના તળાવ ઉંડા કરાશે





ભરત સુંદેશા

ડીસા

આજકાલ ગ્લોબલ વૉર્મિંગ અને પર્યાવરણમાં અસમતુલા સર્જાઈ રહી છે. ત્યારે ડીસા તાલુકામાં સરકારની જળ સંચય યોજના દ્વારા ૧૯ ગામડાઓમાં તળાવો ઊંડા કરીને કુદરતી સમતુલા જાળવવા માટે એક સંસ્થા આગળ આવી છે. સરકારની આ યોજનામાં સરકાર પાસેથી માત્ર પચાસ ટકા જ સહાય મેળવીને આ કામગીરી કરી રહી છે.

સમસ્ત મહાજન સંસ્થા... આ સંસ્થા દ્વારા અત્યાર સુધી મહારાષ્ટ્ર, નેપાળ, ઉત્તર પ્રદેશ સહીત અનેક જગ્યાઓ પર સેવાકીય કાર્યો કરવામાં આવ્યા છે.. ત્યારે હવે આ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ કે જે ડીસાના વતની છે. અને આ ઉંમરે તેમણે પોતાના વતનનું ઋણ ચુકવવા માટે એકવાર ફરી ડીસા તરફની વાટ પકડી છે.. આમ તો હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા ગીરીશભાઈ શાહ મુંબઈમાં વસે છે.. પરંતુ પાકટ વયે પહોંચતા પોતાની જન્મ ભૂમિનું ઋણ અદા કરવા માટે ડીસા આવી પહોંચ્યા છે અને આજકાલ બદલાઈ રહેલા પર્યાવરણ અને કુદરતની સમતુલા જાળવી રાખવા માટે ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. અને તેમના આ ભગીરથને સફળ બનાવવા માટે ગીરીશભાઈ શાહે તાજેતરમાં સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી જળ સંચય અનુસંધાન પાના નં.૬

# સોયલા - ભીલડી રેલ્વે ફાટક ઉપર પુલ મુદ્દે ફરી આંદોલન



કંચનજી ઠાકોર

## કેન્ડલ માર્ચ સાથે ઉગ્ર આંદોલનના મંડાણ

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના સોયલા ભીલડી વચ્ચેની રેલ્વે ફાટક પર સતત રેલગાડીઓની અવર જવરને લીધે વારંવાર ફાટક બંધ થતા વાહનચાલકોને ધોમ ધખતા તાપમાં લાંબા સમય સુધી તડકામાં શેકાવું પડે છે. આ રેલ્વે ફાટક પર ઓવરબ્રીજ બનાવવાના મુદ્દે અગાઉ પ્રતિક ઉપવાસ પર બેઠેલ સામાજિક કાર્યકર મગનભાઈ દેસાઈ (વકીલ) દ્વારા રજૂઆતો છતાં સરકારની ઉંઘ ન ઉડતા ગતરોજ મગનભાઈ દેસાઈ (વકીલ)એ તેમની ટીમ સાથે કેન્ડલ માર્ચ યોજી હતી. કેન્ડલ સાથે અમારી માંગ પૂરી કરી

અનુસંધાન પાના નં.૬

# કંબોઈ ચાર રસ્તા પર રોડની સાઈડે રેતના ઢગલા : રાહદારીઓ અને દુકાનદારો પરેશાન

પ્રતિ. કંબોઈ

શિહોરી પાટણ હાઈવે રોડ પર વાહન વધુ હોવાથી રોડની સાઈડમાં પડેલ રેતી ઉડવાથી વેપારીઓ પરેશાની અનુભવી રહ્યા છે. પરંતુ તંત્રનું પેટનું પાણી હલતું નથી.

થોડા સમય પહેલા પીડબલ્યુ દીયોદર મારફતે રોડને થીંગડા મારવામાં આવ્યા ત્યારે પણ વેપારીઓએ અધિકારીઓને વિનંતી કરી હતી કે પહેલા આ મુખ્ય ચોકડી પરથી રેતીના ઢગલા હટાવો ત્યારે તેઓએ રેતી હટી જશે તેવી ખાત્રી આપી હતી.પણ તંત્રના માણસો રેતી હટાવ્યા વગર જ ચાલ્યા ગયા હતા.

કાંકરેજ તાલુકાના કંબોઈ ચાર રસ્તા પર ચાની હોટલો, નાસ્તાના સ્ટોલ, જમવાની હોટલો અને કરીયાણાની દુકાનો આવેલ છે અને આ નાના વેપારીઓ તેમાંથી પોતાનું પેટીયું રળે છે ત્યારે રોડની બંન્ને સાઈડે રેતી જ રેતી પડી છે જો કે આ રોડ પર વાહનોની અવરજવર એટલે કે ટ્રાફિક વધુ રહે છે. તેથી આખો દિવસ રેતીની



(સજનસિંહ સોલંકી)

ડમરીઓ ઉડે છે. ત્યારે દુકાનોમાં રેતી ભરાઈ જવાથી વેપારીઓને પોતાના સામાન પર રેતી પડવાથી મોટું નુકશાન વેઠવું પડે છે. અને હોટલો અને નાસ્તાની દુકાનોવાળાને રેતી ઉડવાથી જે જમવા કે નાસ્તો કરવાવાળાને આરોગ્યમાં પણ મોટું નુકશાન થાય છે. જ્યારે રાહદારીઓ પણ આ રોડની રેતીથી હેરાન પરેશાન થઈ જાય છે. બીજી તરફ બાજુના ખેતરોવાળા ખેડુતો પણ પોતાનો વાવણી કરેલ પાક રેતી ઉડવાથી બગડી જાય છે તેવી ફરિયાદ અનુસંધાન પાના નં.૬

# જિલ્લા આયોજન કચેરીનો કર્મચારી પ્રભારી મંત્રીની સુચનાને પણ ઘોળીને પી ગયો

પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લામાં ૧૫ ટકા વિકાશશીલ એ.ટી.વી.ટી સહિતની તમામ ગ્રાન્ટોનું આયોજન જિલ્લા આયોજન કચેરીમાં થતું હોય છે. જેમાં એક કર્મચારી કોન્ટ્રાકટરો સાથે સાંઠગાંઠ ધરાવે છે ને ભાગીદારી પણ કરે છે. તેવા લોકોમાં આક્ષેપો થાય છે. જિલ્લા આયોજનમાં પ્રભારી મંત્રીએ સુચના આપેલ કે ધારાસભ્ય દ્વારા સુચનો આપવામાં આવે તો તે સ્વીકારવા તેવી પ્રભારી મંત્રીની સુચના હોવા છતાં કર્મચારીએ પોતાની હોંશિયારી બતાવી. સુચના મુજબ કામો લેવાની હા પાડી પરંતુ તે કામ ઓવર સેટીંગમાં મુકી દીધા ગુજરાતી કહેવત મુજબ હું શું ના પાડું મારી છાશના પાડશે. તેવી રીતે પ્રભારીમંત્રીની સુચનાથી જે કામોનો સમાવેશ કરવામાં આવેલ તે ઓટો મેટીક નીકળી ગયા કર્મચારી જાહેરમાં એવું પણ કહે છે કે મારી બદલી થશે બીજું શુ ફેર પડે છે ? આવા કર્મચારી સામે પગલાં લેવામાં આવે તેમજ પ્રભારીમંત્રી આની તપાસ કરે તો પણ બહાર આવી શકે તેમ છે તેવું ઘણી ગેર-રીતીઓ જિલ્લાભરમાં ચર્ચાસ્પદ બન્યું છે.

# ડીસા સહીત જિલ્લામાં સિઝનની સૌથી વધુ ૪૫.૨ ડિગ્રી ગરમી

## ગરમીથી જનજીવન પ્રભાવિત

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં 'હિટવેવ' વચ્ચે ગઈકાલે સિઝનની સૌથી વધુ ૪૫.૨ ડીગ્રી ગરમી નોંધાઈ હતી. જેથી આમ પ્રજા સાથે પશુ - પંખી જીવો પણ કાતિલ ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠયા હતા.

રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સૂરજદાદા આગ ઓકી રહ્યા છે. તેથી સિઝનની સૌથી વધુ ગરમી પડી રહી છે તેમાં પણ ગઈકાલે બુધવારનો દિવસ સૌથી ગરમ રહેવા પામ્યો હતો. તેથી શહેરી



ભરત સુંદેશા

સહિત ગ્રામિણ વિસ્તારોમાં ધોળા - દિવસે 'કર્ફ્યુ' જેવો માહોલ છવાયો હતો. કાળઝાળ ગરમીમાં પાણીના પણ પોકારો ઉઠવા પામ્યા છે ત્યારે 'હીટવેવ'

અનુસંધાન પાના નં.૬

### ૪૭.૪ ડિગ્રી ગરમીનો રેકોર્ડ

સરહદી જિલ્લામાં દિન પ્રતિદિન લઘુત્તમ તાપમાનનો પારો ઊંચકાતો જાય છે. ગઈકાલે ૪૫.૨ ડિગ્રી સાથે સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી જો કે હવામાન કચેરીએ સૌથી વધુ ગરમીનો રેકોર્ડ તા.૩/૬/૧૯૯૧ ના રોજ ૪૭.૪ ડિગ્રી નોંધાયેલ છે. પરંતુ આ વખતે સૂરજદાદાનુ રોદ્ર સ્વરૂપ જોતા રેકોર્ડ તુટવાની ઘડીઓ ગણાઈ રહી છે.

# વાવના દૈયપ ગામે વિકાસ કામોની વણઝાર

## મનરેગા યોજના હેઠળ ૨૦૧૨ થી ૨૦૧૮ સુધી ૪૦ થી વધુ આડબંધોનું કામ થયું છે

તા.પ્રતિ. વાવ

આંતરરાજય સરહદી સીમાડે આવેલા વાવ તાલુકાના દૈયપ ગ્રામ પંચાયતના સરપંચ પી.ડી.ગઢવીની રાહબરી હેઠળ વિકાસના કામોની વણઝાર લાગી છે. મનરેગા યોજના હેઠળ ૪૦૦ થી વધુ શ્રમિકોને રોજીરોટી ૪૦ થી વધુ આડબંધોનું કામ, હજારો એકર જમીનમાં ખારાશ ઓછી થઈ છે. રણમાં બેટ થવાથી વાવેતર થઈ શકે છે. સરપંચ - ત.ક.મંત્રી. ટી.ડી.ઓ, એડબલ્યુએમ, એપીઓ, જીઆરએસના સરાહનીય કામગીરીથી શ્રમિકોને જોબકાર્ડ દીઠ નિયમિત ચૂકવણું મળી રહ્યું છે. વધુમાં દૈયપ પંચાયતના સેજા હેઠળ આવેલા ગામોમાં રસ્તા, દીવાલ, શૌચાલય, પ્રધાનમંત્રી આવાસો, સ્વચ્છતા અભિયાન, પોલીયો અભિયાન ઉપરાંત પ્રા.શાળામાં વિદ્યાર્થીઓને સરંપચ દ્વારા પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું છે. દૈયપ પંથકના દૈયપ - ધાણા, મી.ચારણ - મી.રાણા જેવા ગામોમાં સરપંચ પી.ડી.ગઢવી, ત.ક.મંત્રીના માર્ગદર્શન હેઠળ પંચાયત બોડી અને ગ્રામજનોના સહીયારા પ્રયાસથી આ વિસ્તારમાં વિકાસના કામોએ ભારે હરણફાળ ભરી છે.

# ધાનેરામાં આંગણવાડી કાર્યકર હેલ્પરની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ૧૯૫ કેન્દ્રોમાં ૧૩ આંગણવાડી કાર્યકર તથા ૪૪ હેલ્પર સહાયકની ભરતી કરવાની હોઈ જેમાં ગઈકાલે ૩૬ કાર્યકર બહેનોએ તથા ૩૪ હેલ્પર બહેનોએ અરજી કરી હતી. જેમાં ગ્રેજ્યુએટ બહેનોએ પણ અરજી કરી હતી સરકારી નીયમ મુજબ ગામની વહુંઆરૂ હોય ભણેલી હોય તેનેજ પ્રાધ્યાન્ય આપવાની તથા પગારમાં હેલ્પર બહેનો ૩૨૦૦ તથા આંગણવાડી કાર્યકર બહેનોને ૬૩૦૦ રૂપિયાનો પગાર આપવામાં આવે છે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

# થરાદની દેનાબેંકમાં ખેડૂતના ખિસ્સામાંથી ૯૦ હજારની તફડંચી

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ગગાણા ગામના જેતસીભાઇ દલરામભાઈ પટેલ નામના ખેડૂત માર્કેટયાર્ડમાં રાયડો વેચીને ૯૨૨૦૦ રૂપિયા રોકડા લઈને થરાદની દેના બેન્કમાં મંગળવારની બપોરના સુમારે પાકધિરાણના પૈસા ભરવા માટે આવ્યા હતા.જોરદાર ભીડ હોવાના કારણે તેમણે લાઈનમાં ઊભું પડ્યું હતુંજે નો ફાયદો ઉઠાવીને કોઈ વ્યક્તિ તેમના પેન્ટના ડાબા ખિસ્સાની અંદર રાખેલ આ ૯૦ હજાર રૂપિયાની તફડંચી કરીને પલાયન થઈ ગયો હતો. બેંકમાં જમા કરાવવા માટે નોટોની વિગત ભરવા ખિસ્સામાં હાથ નાંખતા જેતસીભાઇને ચોરી થયાનું માલુમ પડ્યું હતું.

આ અંગે તેમણે થરાદ પોલીસને લેખિતમાં રજૂઆત કરતાં પોલીસ પણ દોડતી થઈ હતી. પોલીસે બેંકના સીસીટીવી કેમેરા ચેક કરતાં તેમાં માત્ર કમરથી ઉપરનો ભાગ જ જોવા મળતો હતો. આથી ચોરી કોણ કરી ગયું તે અંગે કશું જ જાણવા મળી શકાયું ન હતું.

# રાજકોટમાં દલિત યુવકની હત્યાના વિરોધમાં ડીસા ખાતે દલિત સમાજ દ્વારા આવેદનપત્ર અપાયું

ડીસા

રાજકોટ ખાતે તાજેતરમાં જ દલિત યુવાનને ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી દેવાતા દલિત સમાજમાં રોષ ભભૂકી ઉઠયો છે ત્યારે ડીસામાં વસતા દલિત સમાજે આજે આ ઘટનાના વિરોધમાં નાયબ કલેકટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો અને વારંવાર દલિતો પર થતા અત્યાચાર બંધ થાય તે માટે આવા કેસના આરોપીઓને કડક સજા કરવાની માંગણી કરી હતી.

ગુજરાતમાં દલિત અત્યાચારની ઘટનાઓ



ભરત સુંદેશા

ચિંતાજનક હદે વધી રહી છે.દલિતો પર અત્યાચારો આચરવાના બનાવો દિવસે ને દિવસે વધતા જાય છે ત્યારે અનુસંધાન પાના નં.૬

# એસ.ટી.નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલ માટે જોઈન્ટ કમિટી રચવાનો આદેશ

## નિગમના ત્રણેય માન્ય યુનિયનોની સંકલન સમિતિના પદાધિકારીઓની વાહન વ્યવહાર મંત્રી સાથે સફળ મંત્રણા

ગાંધીનગર

ગુજરાત સરકાર હસ્તકના માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓને લગતા પ્રશ્નોના ઝડપી અને સ્થાયી ઉકેલ માટે રાજ્ય સરકારના વાહન વ્યવહાર મંત્રીએ તાકીદની અસરથી જોઈન્ટ કમિટી રચી જે તે માંગણીઓનો નિકાલ લાવવાની તત્પરતા વ્યક્ત કરી છે. એસ.ટી નિગમના કામદારોના હિતોની જાળવણી તેમજ પડતર પ્રશ્નોના નિકાલ માટે નિગમના ત્રણેય માન્ય યુનિયનોની બનેલી સંકલન સમિતિના પ્રદેશ કક્ષાના મુખ્ય પદાધિકારીઓએ આજે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફળદુ અને રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરભાઈ પટેલ સાથે બેઠક યોજી હતી. એસ.ટી. નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક સોનલબેન મિશ્રાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં એસ.ટી. નિગમના કર્મચારી ઓને સાતમા પગાર પંચનો લાભ આપવા તેમજ કર્મચારીઓના આશ્રિત કેસોમાં આર્થિક પેકેજ આપવા ઉપરાંત જીપીએસ સિસ્ટમ અને ખાનગી વાહનોની ખરીદી સહિત અન્ય પડતર માંગણીઓ સંદર્ભે ચર્ચા વિચારણા કરાઈ હતી. આ બેઠકમાં વાહન વ્યવહાર મંત્રીએ એસ.ટી. નિગમના કર્મચારીઓની પડતર માંગણીઓ સંદર્ભે તાત્કાલિક જોઈન્ટ કમિટીની રચના કરવાનો આદેશ કરી પડતર માનગણીઓનો ઝડપી અને સ્થાયી ઉકેલ લાવવાની તત્પરતા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં પાલનપુર વિભાગમાંથી એસ.ટી.મજદૂર સંઘના પ્રદેશ મહામંત્રી ઘનશ્યામભાઈ બ્રહ્મક્ષત્રિય અને પાલનપુર વિભાગ એસ.ટી. મજદૂર સંઘના મહામંત્રી દીપકભાઈ નાયક ઉપસ્થિત રહ્યા હતા.

# જાણીતા ગુજરાતી હાસ્ય લેખક વિનોદ ભટ્ટનું નિધન




તા.પ્રતિ. થરા

માનવીને હસતો રાખવો બહુ કઠીન કાર્ય સમાન છે. ત્યારે માનવીમાંજ માનવી એવો પેદા થાય છે કે જે માનવીને સતત હસતો રાખવા પ્રયત્ન દિપકની દિવેટ જેવો પ્રયત્ન કરે છે. ગુજરાતના પાટનગર ગાંધીનગર જિલ્લાના દહેગામના નાંદોલા ગામમાં જશંવતલાલ ભટ્ટ અને જયાબહેનના ગૃહે ૧૯૩૮ ની મકરસક્રાંતિ - ઉત્તરાયણના દિવસે તા.૧૪/૧/૧૯૩૮ ના પુત્ર રત્નનો જન્મ થયો. જશંવતલાલ ભટ્ટ કૃષિ - પશુપાલનના વ્યવસાયમાં રોકાયેલા હતા. પુત્ર રત્નના જન્મથી ખુશાલી વ્યાપી એ પુત્ર એટલે ગુજરાતી હાસ્ય સાહિત્ય જગતનો વિનોદ ભટ્ટ જેમણે બી.એ. એલ.એલ.બી. ની પદવી હાંસલ કર્યા પછી વ્યવસાય વેરા સલાહકાર તરીકે કામગીરી કરતાં કરતાં હાસ્ય લેખન શરૂ કર્યું તેમનું પહેલું પુસ્તક પહેલું સુખ તે મુંગી નાર - ૧૯૬૨ માં પ્રગટ થયું તે પછી આજની લાત, વિનોદ ભટ્ટની સાહિત્ય કથાઓ, વિનોદ ભટ્ટની (વિ) કૃત શાકુન્તલ, વિનોદ ભટ્ટના પ્રેમપત્રો, ઈદમ્ તૃતિયમ, ઈદમ્ ચતુર્થમ, સુનોભાઈ સાધો, વિનોદની નજરે અને હવે ઈતિહાસ, આંખ - આડા કાન, ગ્રંથની ગરબડ નરોવા કુંજરોવા, શેખાદમ ગ્રેટાદમ, અમદાવાદ એટલે અમદાવાદ, વિનોદ વિમર્શ, ભૂલચુક લેવી દેવી, વગેરે વગેરે વગેરે.... અથથી ઈતિ, પ્રસંગોપાત કારણ કે હસ્ય પુસ્તકો પ્રકાશિત થયેલા તેમની કલમે નર્મદ, સ્વપ્નદષ્ટા મુનશી હાસ્યમૂર્તિ જયોતિન્દ્ર દવે કોમેડી કીંગ ચાર્લી

અનુસંધાન પાના નં.૬

# સુરાવા ગામે સંતવાણી ભંડારો યોજાયો

ડીસા

સાંચોર તાલુકા સુરાવા ગામે ગૌસ્વામી બળદેવપુરીએ ભંડારો સંતવાણીનું આયોજન રાખેલ તેમાં અલગ અલગ રાજ્યના પ્રાંતમાંથી સાધુ સંતો, ગૌસ્વામી ભાઈઓ પધારેલ રાત્રે સંતવાણીનું આયોજન કરેલ તેમાં સંતવાણી ભજનીક અલખ આરાધક રામનાથ ગૌસ્વામી (ગુજરાત) રાજસ્થાની ભજનીક શામળગીરી તથા મુંગપુરીજીએ રાત્રે સંતવાણી કરી ભક્તોને આનંદમય વાતાવરણ સર્જેલ. સવારે ભંડારાનાં આયોજનમાં સાધુ-સંતો ગૌસ્વામી ભાઈઓએ ભોજન પ્રસાદી લઈ ચાદરવીધી બાદ ભંડારા મહોત્સવની પૂર્ણાહુતિ થયેલ.

# ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા બી.એસ.સી. સેમીસ્ટર-૪ નું પરિણામ જાહેર

તા.પ્રતિ. થરા



હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવસીર્ટી-પાટણ દ્વારા ગત માર્ચ-૨૦૧૮ માં લેવાયેલ બી.એસ.સી. સેમીસ્ટર-૪ (ચાર) નું પરિણામ ૭૯.૧૮ ટકા જાહેર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. આ પરિક્ષામાં ૭૦૮૧ પુરૂષ ૩૧૧૬ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૧૦,૧૯૭ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૪૯૮૦ પુરૂષ અને ૨૮૪૧ સ્ત્રી મળી કુલ ૭૮૨૭ પરીક્ષાર્થીઓ પાસ થયેલ. ૧૮૨૮ પુરૂષ અને ૨૩૦ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ-૨૦૫૮ પરીક્ષાર્થીઓ નાપાસ તથા ૧૨૦ પુરૂષ અને ૨૦ સ્ત્રી મળી કુલ ૧૪૯ પરીક્ષાર્થીઓ ગેર હાજર રહ્યા હતા. યુનિવસીર્ટી નિતિનિયમ પ્રમાણે ૧૩૪ પુરૂષ ૧૩ સ્ત્રી મળી કુલ ૧૪૭ પરીક્ષાર્થીના અનુસંધાન પાના નં.૬

# થરાદના હાર્દસમા હાઈવે પર અકસ્માતમાં બે બાઈક સવાર ગંભીર ઈજાગ્રસ્ત

## ટ્રકની અડફેટે આવી જતાં દુર્ઘટના સર્જાઇ:એકને વધુ સારવાર અર્થે ખસેડાયો

પ્રતિ. થરાદ

થરાદ નગરના ચારરસ્તાથી રેફરલ હોસ્પિટલ સુધીના હાર્દસમા માર્ગ પર છાશવારે થતા અકસ્માતો અટકાવવા માટે વચ્ચે ડીવાઈડર મૂકી પહોળો બનાવવાની માગણી નગરજનો કરી રહ્યા છે.શહેરના હાર્દ સમા માર્ગો પર બેફામ ગતિથી ચાલતા વાહનચાલકોના બેદરકારીભર્યા ડ્રાઈવિંગને કારણે છાશવારે બનતી અકસ્માતની ઘટનાઓને લઈને નગરજનોમાં રોષની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.જેમાં વધુ એક ગંભીર અકસ્માતનો ઉમેરો થયો હતો.જેની મળતી માહિતી મુજબ સુઈગામ તાલુકાના સેન્ડવ ગામના વતની મનજીભાઈ શંકરભાઈ પટેલ અને અમરતભાઈ પીરાભાઈ રબારી પોતાના મોટરસાઈકલ પર પસાર થઇ રહ્યા હતા.દરમ્યાન આ હાર્દસમા હાઈવે પર બાઈક સ્લીપ ખાતાં પડી જતાં તેને બેફામ ટ્રકે અડફેટે લઈને ઢસડતાં બંને ને ઈજાઓ થવા પામી હતી.

અમરતભાઈના પગ પર ફરી વળતાં તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમને થરાદની રેફરલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે પાલનપુર ખસેડાયો હતો.બનાવના સ્થળે લોકોના ટોળાં એકઠાં થવા પામ્યાં હતા.જોકે બનાવ અંગે રાત્રીના સાડા આઠ સુધી કોઈ ફરીયાદ નહી નોંધાયાનું પોલીસસુત્રોએ જણાવ્યું હતું. આ સમગ્ર ઘટના સામે લગાવેલ સીસી ટીવી કેમેરામાં કેદ પણ થઈ ગઈ હતી.

# ધાનેરાના જડીયા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના જડીયા ખાતેથી ધાનેરા પોલીસે કિંમત રૂપિયા ૫૦૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો.

ધાનેરા પોલીસે જડીયા ગામે ચેલાભાઈ પરબતભાઈ ભીલના ત્યાંથી બપોરના સુમારે વિદેશી દારૂની બોટલ નંગ - ૫૦ કિંમત રૂ.૫૦૦૦/- નો ઝડપી પાડી આરોપી ચેલાભાઈ પરબતભાઈ ભીલની અટક કરી હતી.

# વાવ સ્ટેટ બેંકના કલાર્કના ઉધ્ધત વર્તન અંગે ઉચ્ચસ્તરે રજૂઆત કરાઈ

## ધારાસભ્ય સમક્ષ પણ રજુઆત

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના ખીમાણા વાસ ગામના અરજદાર સોલંકી હકાજી ગોવિંદજી ગતરોજ તા.૨૩/૫/૨૦૧૮ ના રોજ વાવ મામલતદાર કચેરી ખાતે યોજાયેલા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં સ્ટેટ બેંક વાવ શાખાના એક કલાર્કના ઉધ્ધત વર્તન બાબતે ફરિયાદ કરતાં આ મુદો ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં છવાઈ ગયો હતો.

ખીમાણાવાસના સોલંકી હકાજી ગોવિંદજી એ કે.સી.સી વિભાગના કલાર્કને પોતાનું એકાઉન્ટ ચેક કરી આપવા જણાવેલ ત્યારે કલાર્કે એવું જણાવેલ કે હું એકાઉન્ટ ચેક કરતો નથી અરજદારે વિનંતી કરવા છતાં એકાઉન્ટ ચેક નહી કરવાનું જણાવી અરજદાર સામે અભદ્ર વર્તન કરી કલાર્ક પોતે કલેકટરથી ડરતો નથી તેવું જણાવી અરજદારને રૂ.૫૯૦૦૦ પોતાના ખાતામાં જમા કરાવવાનું જણાવેલ ખરેખર અરજદારને રૂ.૫૮,૩૦૦ ભરવાના હતા. આ બાબતે અરજદાર સામે અભદ્ર વર્તન કર્યા હોવાના સી.સી.ટી.વી ફુટેજના પુરાવા પણ હોવાનું જણાવી અરજદાર હકાજી ગોવિંદજી સોલંકીએ ફરિયાદ નિવારણ ઉપરાંત મીડીયા સમક્ષ તેમજ વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર સમક્ષ રજૂઆત કરીશ તેમ છતાં યોગ્ય ન્યાય નહી મળે તો કોર્ટના દ્વાર ખખડાવશે તેવું જાણવા મળેલ છે.

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર**
બનાસ ડેરી, પોસ્ટ બોક્સ નં.૨૦, પાલનપુર - ૩૮૫ ૦૦૧ (ગુજરાત)
ફોન : (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫, ફેક્સ : ૨૫૨૭૨૩

**જુવારના સૂકા પૂળા માટેનો ઈજારો આપવાનો છે**

આથી સૂકા ઘાસચારાના વેચાણનું કામ કરતા અને છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે ૩ લાખથી વધુ કિલો ગ્રામ જુવારના સૂકા પૂળાનો ઘાસચારો સહકારી / સરકારી સંસ્થામાં આપેલ હોય તેવા ઈજારદારોને જણાવવાનું કે, બનાસડેરી પાલનપુર સંચાલિત દામા સીમેન પ્રોડકશન યુનિટ, દામા, તા.ડીસા પશુ ઉછેર કેન્દ્ર, કાતરવા તથા જરૂરિયાત મુજબ બનાસ ડેરી હસ્તકના યુનિટો ખાતે જુવારના સૂકા પૂળા અંદાજીત ચાર (૪) લાખ કિ.ગ્રા. માટેનો ઈજારો આપવાનો છે.

ટેન્ડર માટે ટેન્ડર ફોર્મ ફી રૂ.૧,૦૦૦/- લઈને તા.૨૮/૦૫/૨૦૧૮ થી ૦૯/૦૬/૨૦૧૮ ના ૧૩.૩૦ કલાક સુધી બનાસ ડેરીની ઓફિસેથી કામકાજના દિવસોએ મળી શકશે. ટેન્ડર દીઠ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ તરીકે રૂ.૧,૦૦,૦૦૦/- નો સંઘના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર સાથે સીલબંધ કવરમાં બીડાણ કરી તા.૨૮/૦૫/૨૦૧૮ થી ૦૯/૦૬/૨૦૧૮ ના રોજ બપોરના ૧૩.૩૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આવેલ ટેન્ડરો તા.૦૯/૦૬/૨૦૧૮ ના રોજ ૧૫.૩૦ કલાકે હાજર ઈજારદારોની રૂબરૂ ખોલવામાં આવશે. અધુરી વિગતો અને છેકછાક વાળું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘને અબાધિત રહેશે.

ઈ.ચા.મેનેજીંગ ડીરેકટર

# તંત્રી સ્થાનેથી ...

### આઝાદી એ વિકાસનું પહેલું પગથિયું છે...

## કર્ણાટકમાં ભાજપ હાર્યો છતાં જીત્યો કોંગ્રેસ જીતી છતાં હારી !

રાહુલ ગાંધીને ઉતાવળે નેતૃત્વ આપ્યા પછી કોંગ્રેસે સત્તાનો પ્રસાર કરવાના ઘણા પ્રયાસો કર્યા પણ વધુને વધુ નિષ્ફળતા અંકે કરી છે. બિહાર પછી કર્ણાટકની ચૂંટણીમાં ભાજપના વિજય રથને રોકવામાં કોંગ્રેસને સફળતા મળી છે. બિહારમાં ભાજપના વિજય રથને રોકવામાં કોંગ્રેસનો ખાસ ફાળો નહોતો પણ રાજદ અને જદયુની સાથે તે જોડાણમાં હતી. પરંતુ કર્ણાટકમાં કોંગ્રેસે જ ભાજપના વિજય રથને રોક્યો છે. દક્ષિણ ભારતમાં એક પણ રાજયમાં ભાજપની સત્તા નથી. કર્ણાટકમાં તેને બહુ આશા હતી. આ રાજય સર કરીને ભાજપ દક્ષિણમાં પુનઃપ્રવેશ ઈચ્છતો હતો. પણ ચૂંટણીમાં બીજા ક્રમે આવેલી કોંગ્રેસે ઝડપભેર જેડીએસને બિનશર્તે બહારથી ટેકો આપવાનું જાહેર કરીને કુમારસ્વામીને ભાજપના પાલામાં જતાં અટકાવી દીધા હતા. જો કોંગ્રેસ ઉતાવળ ન કરત તો કુમારસ્વામી ભાજપ સાથે સહકાર કરવા ઈચ્છુક હતા. પરંતુ જો ભાજપ સાથે કોઈ સમજુતી થઈ હોત તો ભાજપ તેમની સાથે સરકારમાં મોટો ભાગ માંગત. કદાચ યેદિયુરપ્પા પોતાની મહત્વાકાંક્ષાને અંકૂશમાં રાખી શક્યા ન હોત તો કુમારસ્વામીને મુખ્યમંત્રીપદને બદલે નાયબ મુખ્યમંત્રીપદથી ચલાવવું પડત. આ ઉપરાંત ભાજપ સાથે જોડાણ કરવાથી પિતા એચ. ડી. દેવેગોવડા સાથે સંબંધો બગડવાનો પણ ભય હતો. દેવેગોવડાએ ચૂંટણી દરમિયાન કહી દીધું હતું કે, 'કુમારસ્વામી મારી અનિચ્છ છતાં ભાજપ સાથે ભળશે તો હું તેની સાથેના તમામ સંબંધો તોડી નાખીશ.' દેવગોવડાએ આમ કહ્યું તેનો મતલબ સાફ હતો કે, પુત્રના લક્ષણ તેઓ પારણામાંથી ઓળખી ગયા છે. કુમાર જુદી દિશામાં વિચારતા હતા એટલે જ પિતાએ આમ કહેવું પડ્યું હશે. જેડીએસને પ્રથમ કે બીજા ક્રમે આવવાની આશા નહોતી. પણ ત્રિશંકુ વિધાનસભા રચાય તો સત્તાનો સ્વાદ ચાખવાની પૂરી અપેક્ષા હતી. એટલે જેવી કોંગ્રેસની ઓફર મળી કે ઘડીનો ય વિલંબ કર્યા વિના તેમણે ઓફર સ્વીકારી લીધી. પરંતુ ભાજપ હર્યા છતાં જીત્યો છે અને કોંગ્રેસ જીત્યા છતાં હારી છે. તે ભાજપને સત્તામાં આવતો રોકવામાં સફળ થઈ એટલે જીતનો જશ્ન મનાવી રહી છે. પણ તેણે પોતા પાસે રહેલા ગણતરીના રાજયોમાંથી સૌથી (એક માત્ર) મોટું રાજય ગુમાવ્યું છે.

હવે કોંગ્રેસ પાસે પંજાબ, પોંડીચરી અને મિઝોરમ એમ ત્રણ રાજયોની સત્તા બચી છે. જે બહુ નાના રાજયો છે. કોંગ્રેસ રાષ્ટ્રીય કક્ષાએથી વધુ સંકોચાઈને પ્રાદેશિક કક્ષાના પક્ષોથી ય નિમ્નસ્તરે પહોંચી ગઈ છે. કર્ણાટકની ચૂંટણીમાં નંબર વનમાંથી નંબર ટુ થઈ ગયા પછી પણ તેને નંબર થ્રીને સત્તાના સૂત્રો સોંપવા પડી રહ્યા છે. ભાગીદારી કરી છે પણ પ્રત્યક્ષ સત્તાથી તે વંચિત થઈ ગઈ છે. એટલે જીતી છતાં તે હારી છે. ભાજપને રોક્યો છે પણ બેલગામ ઘોડા જેવા કુમારસ્વામીને લગામમાં રાખવાનું તેને બહુ અઘરૂં પડવાનું છે. કોંગ્રેસ અને જેડીએસનો સંઘ કાશીએ પહોંચવા વિશે પૂરી શંકા રહે છે. ભૂતકાળમાં કોંગ્રેસ જયારે પણ કોઈ પક્ષને સરકાર રચવા સમર્થન કર્યું છે તેમાં તેણે પાછળથી હમેશાં દગો કર્યો છે. ખુદ કુમારસ્વામી પોતે અને તેમના પૂજય પિતાશ્રી એચ. ડી. દેવગોવડા પણ કોંગ્રેસના દગાનો ભોગ બની ચૂક્યા છે છતાં તેમણે સત્તાની ભૂખ સંતોષવા દગાખોર કોંગ્રેસના સાથથી સરકાર રચવા તૈયારી બતાવી છે. આમ તો કુમાર સ્વામી પોતે પણ દગો કરવા માટે જાણીતા છે. કોંગ્રેસ ગમે ત્યારે કુમારસ્વામીના પગ નીચેની શતરંગી ખેંચી લઈ શકે છે. દેવગોવડા, ચંદ્રશેખર, શંકરસિંહ વાઘેલા વગેરે કોંગ્રેસનો આવો અનુભવ કરી ચૂક્યા છે. ભાજપ દેખીતી રીતે આ ચૂંટણી હાર્યો છે. તેને દક્ષિણમાં પગ રાખવા માટે એક રાજયની જરૂર હતી તે માટેની તક તેણે ગુમાવી છે. કોંગ્રેસે તેને દક્ષિણમાં પ્રવેશતાં રાક્યો છે. એ કોંગ્રેસના હાથે તે રોકાયો છે, જે કોંગ્રેસથી તે ભારતને મુક્ત કરવાનો એજન્ડા વારંવાર જાહેર કરી ચક્યો છે. સ્પષ્ટ બહુમતી નહીં મળવા છતાં છેલ્લા ઉપાય તરીકે ભાજપે સૌથી મોટા પક્ષ તરીકે મળતી તકનો લાભ લઈને સરકાર હસ્તગત કરવાનો પ્રયાસ કર્યો પણ તેમાં ભાજપ સરકારને સવા બે દિવસથી વધુ ટકાવી શક્યો નહીં. એક રીતે જોતાં ભાજપની આ હાર છે. છતાં એમ કહી શકાય કે જેમ કોંગ્રેસ જીત્યા છતાં હારી છે તેમ ભાજપ હાર્યા છતાં જીત્યો છે.૧૨૨ ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસને ૭૮ની સંખ્યા પર અને ૪૦ સીટ ધરાવતા જનતા દળ (એસ)ને ૪૦માંથી ૩૮ બેઠકો સુધી નીચે ઉતારવામાં ભાજપને સફળતા મળી છે. ભારતને કોંગ્રેસ મુક્ત કરવાના એજન્ડામાં એક ડગલું આગળ વધવામાં ભાજપને સફળતા મળી છે. પોતે સત્તામાં નથી આવી શક્યો છતાં તેણે કોંગ્રેસ પાસેથી વધુ એક રાજય છટકાવી દીધું છે. કોંગ્રેસના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા બે બેઠક પરથી ચૂંટણી લડ્યા તેમાંથી એક ચાંમુંડેશ્વરીની બેઠક તેમણે ૩૩૬૨ મતથી ગુમાવી. આ બેઠક તેઓ સાત વાર લડી ચૂક્યા છે. તેમાંથી પાંચ વાર તેઓ જીત્યા છે. સિદ્ધારમૈયા જે એક બેઠક જીત્યા છે તે માત્ર ૧૬૪૦ મતથી જ જીત્યા છે. ચામુંડેશ્વરી બેઠક પરથી તેમને હરાવનાર જનતા દળ (એસ)ને કોંગ્રેસે સરકાર રચવા માટે ટેકો આપવો પડ્યો છે. એ પણ તેની હાર છે.

ભાજપની ઝંઝાવતી પ્રચાર ઝૂંબેશે કોંગ્રેસ અધ્યક્ષ બનેલા રાહુલ ગાંધીના સપનાઓ પર વધુ એકવાર બ્રેક લગાવી છે. ભાજપ ૪૦ બેઠકોમાંથી ૧૦૪ પર પહોંચ્યો છે. કોંગ્રેસની જબરજસ્ત બેટીંગ છતાં ભાજપને નૂકશાન નથી થયું. તેની શક્તિ અઢી ગણી કરતાં વધુ વધી છે. આમ ભાજપ હાર્યા છતાં જીત્યો છે ને કોંગ્રેસ જીતી છતાં હારી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ કર્ણાટકના પરિણામોની પોતા તરફ અસર થવાની આશા રાખે છે. પણ હાર જીતની લોકમાનસ પર અસર ત્રણ ચાર મહિનાથી વધુ નથી રહેતી. કર્ણાટકની ચૂંટણીમાં કર્ણાટકની સમસ્યાઓએ ભાગ ભજવ્યો છે. લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશની સમસ્યાઓ ભાગ ભજવશે. કર્ણાટકના પરિણામોની અસર સત્તા ગુમાવી ચૂકેલી કોંગ્રેસની ફેવરમાં કેવી રીતે થશે એ કોંગ્રેસે સમજાવવું જોઈએ. કર્ણાટકના પરિણામોએ ભાજપને 'સંયુક્ત રીતે લડીને હરાવી' શકાય એવી વિપક્ષોને શિખ આપી છે. પરંતુ આ શિખ બેંગલુરૂથી નવી દિલ્હી સુધી ટકશે નહીં. વચ્ચે જ ક્યાંક ઉતરી જશે. વિપક્ષોમાં મોટાભાગના નેતાઓને રાહુલ ગાંધીનું નેતૃત્વ મંજુર નથી. ૨૦૧૪ પછી ઝડપભેર ધસાતી ગયેલી કોંગ્રેસ 'મોટા પક્ષ' તરીકેનો અહમ્ છોડવા તૈયાર નથી. સોનિયા ગાંધી બીજું ઘણું છોડી શકે પણ રાહુલ ગાંધીને વડાપ્રધાન બનાવવાની પોતાની જીજીવિશા કોઈ પણ રીતે જતી કરી શકે તેમ નથી. વિપક્ષમાં મમતા બેનર્જી, માયાવતી, મુલાયમસિંહ (અને અખિલેશ પણ) તેમજ શરદ પવાર વડાપ્રધાન બનવા માંગે છે. તેઓ રાહુલને સ્વીકારે તેમ નથી. એટલે જ તેઓ કોંગ્રેસ સાથે જોડાણ કરવાને બદલે ભાજપ અને કોંગ્રેસ વિના ત્રીજા મોરચાની હમેશા વાતો કરે છે. કર્ણાટકની ચૂંટણી વિપક્ષની એકતા માટે પ્રેરણાદાયી બનવાની આશા બતાવાય છે. પણ તેમાંથી કોંગ્રેસને બાકાત કરવી પડશે. કોંગ્રેસ હવે કર્ણાટક અને પંજાબ સિવાય ક્યાંય બહુ જોર ધરાવતી નથી.

## શ્રીરામ બાયોસીડ અને કીજીન પોતાના રાઈસ બૂસ્ટર પ્રોગ્રામ હેઠળ ભારતીય બજારો માટે પ્રસ્તુત કરશે ચોખાની શ્રેષ્ઠ હાઈબ્રિડ વિવિધતાઓ

શ્રીરામ બાયોસીડ અને કીજીને ચોખાની શ્રેષ્ઠ હાઈબ્રિડ વિવિધતાઓના વિકાસ માટે એકબીજાના સહયોગથી બહુ-વર્ષીય અનુસંધાન કાર્યક્રમની ઘોષણા કરી છે, જેના હેઠળ ભારત તથા દક્ષિણ-પૂર્વીય એશિયાના ગ્રાહકો માટે ઉચ્ચ ઉત્પાદક્તા, શ્રેષ્ઠ સહિષ્ણુતા અને ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળાં ચોખાની વિવિધતાઓ તૈયાર કરવામાં આવશે. કીજીનનું આધુનિક પ્લેટફોર્મ બાયોસીડના ચોખાના જર્મપ્લાઝ્મમાં આ મહત્વપૂર્ણ વિશેષતાઓનો સમાવેશ કરશે. આ કાર્યક્રમ ક્ષેત્રમાં હાઈબ્રિડ ચોખાના બજારના વિકાસમાં યોગદાન આપશે."ભાગીદારી હેઠળ બંને કંપનીઓ સંયુક્ત રૂપથી રોકાણ કરશે. ચોખાની હાઈબ્રિડ વિવિધતાઓમાં નવા ગુણ ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી આ રોકાણ કરવામાં આવશે, જેથી ભારતીય તથા દક્ષિણ-પૂર્વીય એશિયાના ગ્રાહકોની પસંદને ધ્યાનમાં રાખતાં શ્રેષ્ઠ ગુણવત્તાના ચોખા ઉપ્લબ્ધ કરી શકાય. આ ભાગીદારી શ્રેષ્ઠ ગુણવત્તા તથા ઉચ્ચ ઉત્પાદક્તાના ચોખાનું ઉત્પાદન કરી ખેડૂતોનો નફો વધારશે." કીજીનના સીઈઓ અર્જેન વૈન તુનેને જણાવ્યું.

અમે કીજીન સાથે આ વિસ્તારિત ભાગીદારીને લઈને ખૂબ ઉત્સાહિત છીએ. કીજીનની આધુનિક ટેકનિકો આપણને ચોખાની શ્રેષ્ઠ વિવિધતાઓના ઉત્પાદનમાં મદદ કરશે, સાથે જ આપણી પ્રભાવિતા વધારી ચોખાની ગુણવત્તામાં પણ સુધારો લાવશે."

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સ્કાયબેગ્સે "કેનવાસ પ્રોજેક્ટ"ના ચોથા સંસ્કરણની ઘોષણા કરી



૩ સફળ સિઝન પછી, ભારતની અગ્રણી લિડિંગ લગેજ કંપની વી.આઈ.પી. ઈન્ડસ્ટ્રીઝની સ્ટાઈલિશ મિલેનિયલ બેકપેક બ્રાન્ડ સ્કાયબેગ્સે તેના નવીન અને પ્રશંસનીય વાર્ષિક ડિઝાઈન કોન્ટેસ્ટ ધ સ્કાયબેગ્સ કેનવાસ પ્રોજેક્ટની ચોથી સિઝનની ઘોષણા કરી છે.આ એક પ્રકારનું કેમ્પેઈન છે જે, કલાત્મક માઈન્ડ માટે આકર્ષક તક પૂરી પાડવા માટે પ્રયત્ન કરે છે, જેમાં ફક્ત સ્કાયબેગ્સના નવા સંગ્રહ માટે ડિઝાઈન બનાવવામાં આવે છે. "સ્કાયબેગ્સ એ યુવા-લક્ષી અને મનોરંજક બ્રાન્ડ છે. ઓડિયન્સ માટે એક મહાન તક હોવા સાથે, કેનવાસ પ્રોજેક્ટ અમારા માટે ગ્રાહકોની સમજને સમજવાનો એક માર્ગ છે.ભાગ લેવાં માટે http://www.skybags.co.in/ પર લોગ ઈન કરો અને ડિઝાઈન સબમિટ કરો. આ સ્પર્ધા ૨૫મી મે, ૨૦૧૮ના રોજ પૂર્ણ થશે. સ્કાયબેગ્સ કેનવાસ પ્રોજેક્ટ એ સર્જનાત્મક વ્યાવસાયિકો અને એમેચર્સ માટે એક અનકન્વેન્શલ પ્લેટફોર્મ છે, જે લોકોની ક્રિએટિવ એનર્જીને પ્રદર્શિત કરે છે. કોન્ટેસ્ટ માટે માઈક્રોસાઈટ www. skybags. co.in/canvasproject બનાવવામાં આવી છે, પ્રતિસ્પર્ધિઓ વેબસાઈટ પરથી ડિઝાઈન કિટ ડાઉનલોડ કરી શકે છે અને માઈક્રોસાઈટ પરથી ડિઝાઈન કિટ ડાઉનલોડ કરી શકે છે અને માઈક્રોસાઈટ પર સ્કાયબેગના લોગો સહિતના મૂળ ડિઝાઈન અપલોડ કરી શકે છે. આ ડિઝાઈન્સ કે જે તેમના મિત્રો અને ફોલોવર્સ પાસેથી મહતમ લાઈક પેદા કરે છે, તેને જીતવાની તક મળે છે.

## અરિહંત ઈન્સ્ટીટયુટ લિ.નો IPO દ્વારા ૨૧ નવાં કોચિંગ કેન્દ્રો ખોલવાનો ઉદેશ, IPO મારફતે રૂ. ૭.૫ કરોડ ઉભા કરશે




અમદાવાદ

અરિહંત ઈન્સ્ટીટયુટ લિમિટેડ કંપની એ જે વિદ્યાર્થીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્સી અને કંપની સેક્રેટરી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઇ રહ્યાં છે તે માટેનાં કોચિંગ કેન્દ્રો સ્થાપવા અને તે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવું તે કાર્ય સાથે સંકળાયેલી છે. હવે આ કંપની ૨૫ લાખ ઈક્વિટી શેરનો પોતાનો પ્રથમ IPO લાવી રહી છે કે જેના દરેક શેરની અસલ કિંમત (FACE VALUE) ૧૦ રૂપિયા છે. અને તેના દરેક શેરની નિશ્ચિત કિંમત ૩૦ રૂપિયા છે. શૈક્ષણિક કેન્દ્રો સ્થાપીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડનાર આ કંપની તેના IPO થકી કુલ ૭.૫ કરોડ રૂપિયા ઊભા કરવા માંગે છે. જેથી ભારતનાં વિવિધ ૨૧ અલગ અલગ સ્થળોએ નવાં કોચિંગ કેન્દ્રો સ્થાપી શકાય અને વધારામાં અત્યારના અને ભવિષ્યમાં સ્થપાનાર કોચિંગ કેન્દ્રોને ટેકનોલોજીના સર્વોચ્ચ ધોરણે સુધારી શકાય અને કોર્પોરેટ ઓફીસ તરીકે તેની પુનઃરચના કરી શકાય. ૨૩ મે ૨૦૧૮ના રોજ આ ઈશ્યુ ભરાવાનો ચાલું થશે અને ૨૮ મે ૨૦૧૮ના રોજ તે બંધ થઇ જશે. આ IPOની મ્જીઈ જીસ્ઈ પ્લેટફોર્મ પર નોંધણી કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછી અરજી ૪૦૦૦ શેરની રહેશે. હાઈ નેટવર્થ ઈન્ડીવિડ્યુઅલ માટેની બીડ લોટ ૮૦૦૦ શેર રહેશે તથા તેના ૪૦૦૦ ના ગુણાંકમાં રહેશે."ગત ૨૦ વર્ષોથી અરિહંત ઈન્સ્ટીટયુટ લિમિટેડ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ગુણવત્તાનું શિક્ષણ પૂરું પાડી રહી છે અને જેમાં એક કરતાં વધુ વિષયોના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. વ્યાજબી ધોરણે પૂરું પાડવામાં આવેલ શ્રેષ્ઠ ગુણવત્તાના શિક્ષણમાં પ્રાદેશિક પરિબળો પર પણ વિચાર કરવામાં આવ્યો છે. અમારી કંપની મુખ્યત્વે ચાર્ટર્ડ એકાઉન્ટન્સી અને કંપની સેક્રેટરી જેવી પરીક્ષાઓમાં ભાગ લઇ રહેલાં વિદ્યાર્થીઓ માટેનાં કોચિંગ કેન્દ્રો માટે પ્રથમ પસંદગી રહી છે. ૧૦,૦૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ અમારી કંપનીના કોચિંગ અને માર્ગદર્શનનો લાભ લઇ ચૂક્યા છે કે જે અમારી ઉચ્ચ કામગીરી અને સફળતાનો પૂરાવો છે.

## હ્યુન્ડાઈએલોન્ચકરીસૌથીવધુપસંદગીનીપરફેક્ટ એસયુવી 'ધન્યૂ ૨૦૧૮ ક્રેટા'



ક્રેટાતેનીબોલ્ડ અન આક્રમક ફ્રન્ટસ્ટાઈલિંગ અને ઊંચા અને સ્પોર્ટીસ્ટાન્સ સાથે એસ યુવી સેગ્મેન્ટમાં હ્યુન્ડાઈનું પ્રભુત્વ વધુ મજબૂત બનાવેછે. ઈન્ડિયન કાર ઓફ ધયર ૨૦૧૬ (આઈસીઓટીવાય), ક્રેટા એકદમ પરફેક્ટ એસ યુવી હોવાથી ગ્રાહકો માટે પ્રથમ પસંદગી બની રહી છે. નવા અત્યાધુનિક ટેક્નોલોજી ફિચર્સ અને અત્યાધુનિક કનેક્ટિવિટી વિકલ્પો સાથે સ્ટાઈલ, પરફોર્મન્સ અને સલામતીના મિશ્રણ સાથે ક્રેટા આસેગ્મેન્ટમાં માપદંડોને વધુ ઊંચા લઈ ગઈ છે. બ્રાન્ડનાટેક્નોલોજીકલફિચર્સજેમકેસ્માર્ટઈલેક્ટ્રિકસનરૂફ, ક્રુઝકંટ્રોલ, ૬-વેપાવરડ્રાઈવરસીટ્સ, સ્માર્ટકી બેન્ડ અને વાયરલેસ ફોન ચાર્જર યુવાનોને આકર્ષી રહ્યા છે બીજીબાજુ સ્પીડ સેન્સિંગ ઓટોડોરલોક, સ્લાઈડિંગ ફ્રન્ટ આર્મરેસ્ટ અને ડ્રાઈવર સીટ હાઈટ એડજસ્ટમેન્ટ જેવા ફિચર્સ ગ્રાહકોની સાનુકૂળતામાં વધારો કરે છે અને તે ગ્રાહકોને સ્ટાન્ડર્ડ ફિચર્સ તરીકે પૂરા પડાવામાં આવેછે. 'ક્રેટા ૨૦૧૫માં સૌપ્રથમ વખત લોન્ચ થઈ ત્યારથી હ્યુન્ડાઈ એસયુવી સેગ્મેન્ટમાં એક સ્થાપિત બ્રાન્ડ બની ગઈ છે. તે એસ યુવી સેગ્મેન્ટમાં હ્યુન્ડાઈનું સિમાચિહ્નછે.

## બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ટર ઉદ્યોગ કોન્ક્રીટ શો ઈન્ડિયાની ૬ઠ્ઠી આવૃત્તિની આતુરતાથી વાટ જુએ છે

યુબીએમ ઈન્ડિયા દ્વારા બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને ખાસ સમર્પિત દેશમાં એકમાત્ર પ્રદર્શન કોન્ક્રીટ શો ઈન્ડિયા (સીએસઆઈ)ની ૬ઠ્ઠી આવૃત્તિની યુબીએમ ઈન્ડિયા દ્વારા જાહેરાત કરવામાં આવી છે, જે ૨૪મીથી ૨૬મી મે, ૨૦૧૮ દરમિયાન મુંબઈમાં ગોરેગાવના બોમ્બે કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર (બીસીઈસી)માં યોજાશે.કોન્ક્રીટ શો ઈન્ડિયા (સીએસઆઈ)માં કોન્ક્રીટ અને બાંધકામ, બાંધકામ ઉપકરણો, બાંધકામ રસાયણ, કમર્શિયલ અને ઔદ્યોગિક ફ્લોરિંગ અને મોબાઈલ કન્સ્ટ્રકશન ટૂલ્સ તથા ઈન્સ્ટ્રુમેન્ટ્સનો સમાવેશ ધરાવતી મુખ્ય શ્રેણીઓમાં નવી ઓફરો પ્રદર્શિત કરવામાં આવશે. ત્રણ દિવસના આ પ્રદર્શનમાં એન્જિનિયરિંગ, સરકારી અને સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્પેશિયલાઈઝ્ડ આર્કિટેક્ટ્સ, કન્સલ્ટન્ટો અને કોન્ટ્રાક્ટરો અને ડેવલપરો જેવી વિવિધ ઉદ્યોગ ક્ષિતિજોના ઉદ્યોગ વ્યાવસાયિકોને વિચારોનું આદાનપ્રદાન અને જોડાણ કરવાની ઉત્તમ તક મળશે.આ પ્રદર્શનને મુખ્ય સંસ્થાઓ અને સંગઠનોના ટેકા સાથે ઉદ્યોગ દ્વારા ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર માટે સરકાર પાસેથી નોંધનીય ગતિ મળી રહી છે. તેમાં નેશનલ હાઉસિંગ બેન્કમાં સમર્પિત એફોર્ડેબલ હાઉસિંગ ફંડ (એએચએફ)ની સ્થાપના સાથે એફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપવાનું પણ સૂચન છે. આથી ક્ષેત્રમાં હિસ્સાધારકો માટે ભરપૂર સંભાવના છે. રોડવેઝ, રેલવેઝથી એરપોર્ટસ સુધી અને અન્ય નાના શહેરોની પહેલો સુધી છેલ્લાં થોડાં વર્ષોમાં ક્ષેત્રમાં અદભુત વૃદ્ધિ જોવા મળી છે, જેને લઈ દેશભરમાં વિશ્વ કક્ષાની સુવિધાઓ આવશે. ઉપરાંત ભારત સરકારે બાંધકામ ઉપકરણો પર જીએસટી દરોમાં ૨૮ ટકા પરથી ૧૮ ટકાની કપાત મૂકી છે, જેને લીધે છેલ્લા થોડા મહિનાઓમાં ભારતમાં અભૂતપૂર્વ માગણી વધી છે. આ પાર્શ્વભૂમાં યુબીએમ ઈન્ડિયામાં અમે ભારપૂર્વક માનીએ છીએ કે કોન્ક્રીટ શો ઈન્ડિયા ૨૦૧૮ ભારતની ઝડપથી વૃદ્ધિ પામતી કોન્ક્રીટ બજારમાં મોજૂદ તકો માટે સૂત્રધાર સાબિત થશે.

## ઝી સિનેમા પ્રસારિત કરે છે, પારિવારિક મનોરંજક પેડ મેનનો વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર, શનિવાર ૨૬મી મે, સાંજે ૮ વાગ્યે




જે લોકો વિચારે છે કે, તેઓ દુનિયા બદલાવી શકે છે, એ એવા લોકો છે, જે તે કરી શકે છે. એક એવુ મૂવી જેને એક ઘરેડ તોડી છે અને તેને વર્જિત વિષય પર ચર્ચા કરી છે, એવું છે, પેડમેન જેને દેશમાં મહિલાઓના આરોગ્યરક્ષા પર ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ આપ્યું છે. પ્રખ્યાત દિગ્દર્શક આર બાલ્કીનું, પેડમેન એ બાયોગ્રાફિકલ નાટક છે, જે સામાજિક આંત્રપ્રિન્યોર અરુનાચલમ મુરુગાનાન્થમના પ્રેરિત જીવન પર આધારીત છે અને તેમા અક્ષય કુમાર, રાધિકા આપ્ટે અને સોનમ કપૂર મુખ્ય ભૂમિકામાં છે. ટોઈલેટ- એક પ્રેમ કથાની જેમ જ, પેડ મેન એ પણ એક પ્રેમાળ પતિ તેની પત્નિના સ્વાસ્થ્ય અને તેની ખૂશી માટે પગલું લે છે. આ મૂવીની વાર્તા એક એવા માણસની છે, જે દરેક મહિલાઓ માટે વ્યાજબીદરનું સેનેટરી પ્રોટેક્શન પૂરું પાડે છે અને સાથોસાથ આ એક સંપૂર્ણ પારિવારિક મનોરંજન છે. બોલિવૂડના સેલિબ્રિટીએ મેકર્સના ખૂબ જ વખાણ કર્યા છે, સાથોસાથ અભિનેતાએ ખૂબ જ સારી ફિલ્મ કરી છે, જેમાં સામાજિક બાબતો જેવી કે,પિરિયડ્સની આસપાસનું લાંછન દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કરણ જોહર, આયુષ્માન ખુરાના, યામી ગૌતમ, સ્વરા ભાસ્કરથી લઈને હોમી અડાજાનિયા જેવા સેલિબ્રિટીએ આ ફિલ્મને સુધારાવાદી, પ્રેરણાદાયી અને અસાધારણ ગણાવી છે.

પેડમેનએ લક્ષ્મીકાંત ચૌહાણ (અક્ષય કુમાર) અને ગાયત્રી (રાધિકા આપ્ટે)ના જીવનની કથા છે, જે એક મસ્તીભરી જોડી છે. લક્ષ્મીકાંતએ તેની પત્નિને ખૂબ જ પ્રેમ કરે છે અને તે તેની આરામદાયી સુવિધા અને ખુશી માટે કંઈપણ કરી શકે છે. લક્ષ્મીકાંતે જ્યારે એ જાણ્યું કે, ગાયત્રી તેના માસિક ચક્રના દિવસો દરમિયાન ગંદા કપડાનો ઉપયોગ કરે છે અને ઘરના એક ખૂણામાં સી રહે છે, ત્યારે તેને આરોગ્યરક્ષા તરફ તેનો જુસ્સો વધી ગયો અને તે વૈકલ્પીક વ્યાજબીદરનો વિકલ્પ શોધે છે જેના લીધે તે ગાયત્રી અને તેના પરિવારનો ગુસ્સો વહોરે છે. લક્ષ્મીકાંતની લડાઈ તેની પરંપરાત પત્નિ સાથે થાય છે, પરંતુ બીજી તરફ અન્ય મહિલા જે તેની સફળતામાં તેનો સાથ આપે છે. બિઝનેસ સ્કુલની ગ્રેજ્યુએટ પરી (સોનમ કપૂર) લક્ષ્મીકાંતના જીવનમાં પ્રવેશે છે અને તેને વેચાણ અને મહિલા સેનિટેશનની ક્રાંતિની માર્કેટિંગ ફક્ત ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિકસ્તરે પહોંચાડવામાં મદદ કરે છે. શું તેની પત્નિ ગાયત્રી અને અન્ય મહિલાઓ તેના આ પ્રયત્નમાં તેની મદદ કરવા આવશે, તથા આ પ્રાચીન વર્જિતનો બંધન તોડી શકશે?

## જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિ.નો એનસીડી ઈશ્યૂ ૨૮ મે, નાં રોજ ખુલશે

**વાર્ષિક ૯.૭૫ ટકા★ સુધી આકર્ષક વ્યાજ મળશે**




અમદાવાદ

જેએમ ફાઈનાન્શિયલ ગ્રૂપની એનબીએફસી કંપની જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડ ("કંપની") રિયલ એસ્ટેટ ડેવલપર્સને સંપૂર્ણ નાણાકીય સોલ્યુશન પ્રદાન કરે છે, જેનો પબ્લિક ઈશ્યૂ ૨૮ મે, ૨૦૧૮નાં રોજ ખુલશે. આ સીક્યોર્ડ, રેટેડ, લિસ્ટેડ, રિડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ ("એનસીડી") ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૩૦૦ કરોડ છે, જેના દરેક ડિબેન્ચરની ફેસ વેલ્યુ રૂ. ૧,૦૦૦ ("સીક્યોર્ડ એનસીડી") છે. આ એનસીડીમાં રૂ. ૪૫૦ કરોડ સુધીનું ઓવરસબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ છે, જેથી કુલ ઈશ્યૂ રૂ. ૭૫૦ કરોડ ("ટ્રેન્ચ")નો છે, જેની શેલ્ફ લિમિટ રૂ. ૨,૦૦૦ કરોડની અંદર છે. ઈશ્યૂ ૨૦ જૂન, ૨૦૧૮નાં રોજ બંધ થશે, જેમાં કંપનીનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ("બોર્ડ") કે એનસીડી પબ્લિક ઈશ્યૂ કમિટીનાં નિર્ણય મુજબ વહેલાસર ક્લોઝર કે ઈશ્યૂને લંબાવવાનો વિકલ્પ છે. ઈક્રા અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા રેટિંગ્સ સુરક્ષાની 'ઊંચી સલામતી'નો સંકેત આપે છે ટ્રેન્ચ I ઈશ્યૂ હેઠળ થનાર સીક્યોર્ડ એનસીડી તેનાં ૨૭ એપ્રિલ, ૨૦૧૮નાં પત્ર મુજબ રૂ. ૨,૦૦૦ કરોડ સુધીની રકમ માટે ઈક્રા દ્વારા ચૈંઝઈછૃ છછ/જીંઙ્ઘહ્વટ્ઠ રેટિંગ મળ્યું છે અને તેને ૧૧, ૨૦૧૮નાં પત્ર દ્વારા વધારે પુષ્ટિ આપવામાં આવી છે તથા ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા તારીખ ૨૭ એપ્રિલ, ૨૦૧૮નાં પત્ર મુજબ રૂ. ૨,૦૦૦ કરોડની રકમ માટે IND AA/Stable રેટિંગ મળ્યું છે, જેને ૧૦ મે, ૨૦૧૮નાં પત્ર દ્વારા સુપરસીડ કરવામાં આવ્યું છે. ઈક્રા અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા સીક્યોર્ડ એનસીડીનું રેટિંગ નાણાકીય જવાબદારીઓ સમયસર અદા કરવાનાં સંબંધમાં ઊંચી સુરક્ષાનો સંકેત આપે છે. ક્રિસિલ રિસર્ચે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ સુધીમાં આગામી બે વર્ષ સુધીમાં એનબીએફસી કંપનીઓ દ્વારા હોલસેલ ફાઈનાન્સિંગ ૨૩ ટકાથી ૨૬ ટકા વધીને રૂ. ૨.૦ ટ્રિલિયન ની ધારણા વ્યક્ત કરી છે. આગામી પાંચ વર્ષમાં ક્રિસિલને એનબીએફસી કંપનીઓની અસ્કયામતો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ સુધીમાં ૨૦થી ૨૫ ટકાનાં સીએજીઆરનાં દરે વધવાની અપેક્ષા છે, જે માટે રિયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) ધારા, ૨૦૧૭ ("રેરા")નાં અમલ પછી ફંડ માટેની જરૂરિયાતમાં વધારો મુખ્ય પરિબળ બનશે.

એનસીડીનાં તમામ વિકલ્પોમાં અરજી કરવાની લઘુતમ રકમ સંયુક્તપણે રૂ. ૧૦,૦૦૦ છે અને લઘુતમ અરજી પછી રૂ. ૧૦૦૦ની ફેસ વેલ્યુનાં એક (૧) એનસીડીનાં ગુણાંકમાં છે. ફાળવણી વહેલા-તે-પહેલાનાં-ધોરણે (ઓવરસબસ્ક્રિપ્શનની તારીખને બાદ કરતાં, જો કોઈ હોય તો, જ્યારે તમામ રોકાણકારો કથિત તારીખે સપ્રમાણ આધારે અરજી કરશે. રોકાણકારોને ડિમટિરિઅલાઇઝ ફોર્મમાં એનસીડીમાં અરજી કરવા માટે અરજી કરવી પડશે.

## ડેન્યુબ ગ્રૂપ યુએઈમાં ૧૦ વર્ષ માટે રેસિડન્સી મુદત વધતા દુબઈના રિયલએસ્ટેટમાં પ્રોપર્ટીના ગ્રાહકો અને રોકાણકારોને વધુ ઉત્તમ સેવા આપવા સજ્જ



ગાંધીનગરઃ દુબઈ, યુએઈ,

હાલમાં જ યુએઈ કેબિનેટે જે બે નિર્ણયો લીધા કે જેમાં વિદેશી રોકાણકારો, ક્વોલિફાઈડ પ્રોફેશનલ્સ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ૧૦ વર્ષ માટે રેસિડન્સી પરમિટ આપવી તેમજ પ્રાઈવે કંપનીઓની ૧૦૦ ટકા ફોરેન ઓનરશીપ ઓફર કરવા જેવા આ નિર્ણયોથી દેશમાં મોટાપાયે રિયલ એસ્ટેટ માર્કેટમાં રોકાણની સંભાવના સર્જાઈ છે અને ડેન્યુબ ગ્રૂપ તથા તેના રિયલ એસ્ટેટ વિભાગ ડેન્યુબે પ્રોપર્ટીઝ નવા પ્રોપર્ટીના ગ્રાહકો તથા રોકાણકારોને સેવા આપવા સજ્જ છે. 'આપણા સૌમાંથી અનેક લોકો માટે આ ઘણી જ આનંદદાયક અને આશ્ચર્ય પમાડે એવી વાત છે કેમકે લાંબા સમય સુધી વિદેશીઓને રેસિડન્સી ન આપવાના નિયમને દૂર કરવામાં આવ્યો છે - જે નિર્ણય ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના સભ્ય દેશોની નીતિના આધારે લેવાયો છે.'દુબઈ સ્થિત ડેવલપર ડેન્યુબ પ્રોપર્ટીઝ પાસે તૈયાર ૩૬૨૮ રેસિડેન્શિલય મકાનોનો ૩.૧૪ બિલિયન દિરહામનો પોર્ટફોલિયો છે જે સાઉથ એશિયા અને મોટાભાગે ભારતના વધતા જતા રોકાણકારોને સેવા આપવા માટે સજ્જ છે.

ભારતીય નાગરિકોએ યુએઈમાં સૌથી વિશાળ વસાહતી વસતી ઉભી કરી છે અને તેઓ દેશમાં સૌથી વિશાળ એવા બિઝનેસ એસ્ટાબ્લિશમેન્ટ્સના ફોરેન માલિકો તરીકે પણ ઉપસ્થિત છે. 'ભારત અને યુએઈમાં ઊંડા મૂળ ધરાવતા બિઝનેસ ગ્રૂપ તરીકે, ડેન્યુબ ગ્રૂપ ભારત તથા અન્ય સાઉથ એશિયન દેશોના રોકાણકારોને સહયોગ આપવા સજ્જ છે. ૮૨૭ ઘરો સમયસર અને બજેટ પ્રમાણે ડિલિવર કરાયા છે અને વધુ ૮૭૦ ઘરો આ વર્ષે ડિલિવર કરવા માટે તૈયાર થઈ જશે. ડેન્યુબ પ્રોપર્ટીઝ નવા રોકાણકારોને સહયોગ આપવા માટે આ રીતે મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવે છે. અમારી પાસે આગામી બે વર્ષમાં વિવિધ સ્તરે ડેવલપમેન્ટમાં રહેલા ૨૦૦૦ જેટલા યુનિટ્સ છે.

## શ્રીફળ

શ્રીફળ માનવીને બાહ્ય રીતે કઠોર પણ અંદરથી મુલાયમ રહેવાનો સંદેશો આપે છે. સજ્જનો બહારથી કઠોર અને અંદરથી મૃદુ હોય છે. દુર્જનો બહારથી મીઠા બોર જેવા અને મૃદુ હોય છે પણ તેમના અંતઃકરણ બોરના ઠળિયા જેવા કઠણ હોય છે. સજ્જનો નારિયેળના પાણી જેવા ભાવભીના હોય છે. તેમની વાણી કોપરા જેવી પુષ્ટિવર્ધક હોય છે

હિન્દુ સંસ્કૃતમાં શ્રીફળ વ્યક્તિના અંગત, સામાજિક તથા આધ્યાત્મિક જીવનમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. શ્રીફળ વૈભવનું પ્રતીક છે. વૈભવ એટલે શ્રી. આ રીતે નારિયેળ શ્રીફળ કહેવાય છે. તેની ગણના બધા જ ફળોમાં ટોચ ઉપર એટલે કે 'સર્વશ્રેષ્ઠ' ફળ તરીકે થાય છે. કોઈપણ માંગલિક કે સામાજિક પ્રસંગોમાં શ્રીફળ અનિવાર્ય હોય છે. આ ફળ તથા વૃક્ષના તમામ ભાગ ખૂબ જ ઉપયોગી ગણાય છે. ભગવાન કે દેવીને નારિયેળ ભેટ ધરાવવામાં આવે છે તથા તેના પ્રસાદમાં કોપરૂ વહેંચવામાં આવે છે. કોપરૂ વિવિધ વાનગીઓ પણ વપરાય છે. નારિયેળના તોરણો પણ શુભ પ્રસંગે બાંધવામાં આવે છે. વળી શ્રીફળ બારેમાસ મળતું હોવાથી બારમાસી ફળ કહેવાય છે.

નારિયેળ દક્ષિણના નારિકેલ દ્વીપમાંથી આવતા હોવાથી તે નારિયેળ કહેવાય છે. વળી તે કોકોલ નામના ટાપુમાંથી મળ્યાં હોવાથી અંગ્રેજીમાં કોકોનેટ કહેવાય છે. સામાન્ય રીતે નારિયેળને બે આંખ હોય છે પણ એક, ત્રણ કે ચાર આંખવાળા નારિયેળ પણ ક્યારેક મળી આવે છે. આવા નારિયેળની તાંત્રિક પૂજા પણ થાય છે અને આવા નારિયેળ ઘરમાં રાખવાથી સમૃદ્ધિ વધ્યા જ કરે છે એવી માન્યતા છે. નારિયેળ સાથે નારિયેળી પૂર્ણિમાનો તહેવાર સંકળાયેલ છે. શ્રાવણી પૂર્ણિમાંથી સાગર શાંત થવા લાગે છે કે જેથી માછીમારો તથા દરિયાખેડૂઓનો વ્યવસાય ચાલુ થાય છે. આની ખુશાલીમાં તેઓ દરિયા દેવને નારિયેળ અર્પણ કરવા સાગર કિનારે જાય છે. તથા તે દિવસે મહોત્સવ ઉજવે છે. શ્રીફળ દરિયા કિનારે ઉગે છે અને દરિયાના ખારા પાણીથી પોષણ મેળવે છે. છતાં શ્રીફળ આપણને તો ઠંડુ, મધુર પાણી જ આપે છે. શ્રીફળ આપણને સમજાવે છે કે તું દરિયાના ખારાશ જેવા અનુભવો હૃદયમાં સમાવીને બીજાને તો તું મીઠા પાણી જેવી મધુરતા જ આપજે.

શ્રીફળ માનવીને બાહ્ય રીતે કઠોર પણ અંદરથી મુલાયમ રહેવાનો સંદેશો આપે છે. સજ્જનો બહારથી કઠોર અને અંદરથી મૃદુ હોય છે. દુર્જનો બહારથી મીઠા બોર જેવા અને મૃદુ હોય છે પણ તેમના અંતઃકરણ બોરના ઠળિયા જેવા કઠણ હોય છે. સજ્જનો નારિયેળના પાણી જેવા ભાવભીના હોય છે. તેમની વાણી કોપરા જેવી પુષ્ટિવર્ધક હોય છે. તેના થકી આપણો વિકાસ શક્ય બની શકે છે. બાહ્ય સૌંદર્ય મળવું કે ન મળવું એ માનવના હાથની વાત નથી. પરંતુ માનવ ધારે તો પોતાનું આંતસૌંદર્ય યથેચ્છ ખીલવી શકે છે. સોક્રેટિસ, અબ્રાહ્મ લિંકન કે મહર્ષિ અષ્ટાવક્ર જેવા લોકોએ પોતાના વિચાર સૌંદર્ય, ગુણસૌંદર્ય કે જીવનસૌંદર્યથી પોતાની બાહ્ય કુરૂપતાને ભુલાવી દીધી હતી. મંદિરમાં દેવ કે દેવી સમક્ષ નારિયેળ વધેરવામાં આવે છે. તેની પાછળ બલિદાનનો ભાવ રહેલો છે. પ્રાચીન સમયમાં યજ્ઞામાં પશુ અને કોઈકવાર મનુષ્યનું પણ બલિદાન અપાતું. ઋષિઓએ પ્રેમને વિશ્વામિત્રે નિર્માણ કરેલી પ્રતિ. સૃષ્ટિના નર એટલે કે નારિયેળનું બલિદાન આપવાનું સૂચન કર્યું. નારિયેળને પણ માથુ, ચોટલી, નાક, બે આંખ વગેરે હોય છે. આ રીતે ઋષિઓએ માનવને નર હત્યા કે પશુ હત્યાથી બચાવ્યો. આજકાલ યુવાનોમાં સોફ્ટ ડ્રિન્ક્સ ગટગટાવવાનો ક્રેઝ વધતો જાય છે. આ સોફ્ટ ડ્રિન્ક્સમાં એસિડની માત્રા પુષ્કળ હોય છે. આનાથી કેટલું નુકસાન થાય છે? લોકોને શારીરિક હાનિથી બચાવવા માટે સોફ્ટ ડ્રિન્ક્સને બદલે નારિયેળ પાણી પીવાનું આહ્વાન કરવું જોઈએ. નારિયેળ પાણી, શેરડીનો રસ જેવા દેશી પીણાનું પૂરજોશમાં માર્કેટિંગ કરવામાં આવે તો કેટલાય કિસાનોને લાભ થાય?

## રોજ પીવો કિશમિશનું પાણી પછી જુઓ કમાલ

કિસમિસ ડ્રાય ફ્રૂટ્સનો જ ભાગ છે. મોટાભાગના લોકો તેને ખાવુ પસંદ કરે છે. કિશમિશ આપણા આરોગ્ય માટે ખૂબ લાભકારી હોય છે. તેનાથી શરીરનો વિકાસ સારી રીતે થાય છે. જો એ કિશમિશના પાણીની વાત કરીએ તો તેનાથી પણ સ્વાસ્થ્ય સંબંધી અનેક પ્રકારની બીમારીઓ દૂર થાય છે. કિશમિશને રોજ રાત્રે પાણીમાં પલાળીને મુકી દો અને સવારે તેનુ પાણી પીવો. પછી જુઓ તેનાથી તમે કેવી એકદમ સ્વસ્થ દેખાશો.

૧. આંખની રોશની તેજ - આ પાણીમાં વિટામિન એ, બીટા કેરોટિન હોય છે જે આંખો માટે લાભકારી તત્વ હોય છે. તેથી રોજ સવારે કિશમિશનુ પાણી પીવો. તેનાથી આંખો કમજોર નહી થાય.

૨. નબળાઈ દૂર - કિશમિશના પાણીમાં એમીનો એસિડ્સ હોય છે જે બોડીને એનર્જી આપવાનુ કામ કરે છે. તેનાથી થાક પણ દૂર થાય છે.

૩. કબજિયાતમાં આરામ - કિશમિશ પાણીમાં ફૂલીને નેચરલ લેક્સેટિવનુ કામ કરે છે. રોજ સવારે ખાલી પેટ કિશમિશનુ પાણી પીવાથી પેટની સારી રીતે સફાઈ થઈ જાય છે.

૪. એસિડિટીમાં આરામ - કિશમિશમાં વર્તમાન સૉલ્યૂબલ ફાઈબર્સ પેટની સફાઈ કરીને ગેસ અને એસિડિટીથી રાહત અપાવે છે.

૫. કિડની સ્વસ્થ - કિશમિશના પાણીમાં પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા મિનરલ્સ હોય છે જે બોડીમાંથી ટૉક્સિન્સ કાઢીને કિડનીને હેલ્ધી બનાવવાનું કામ કરે છે.

૬. લોહીની કમી પૂરી - કિશમિશના પાણીમાં આયરન, કૉપર અને બી કૉમ્પ્લેક્સની ભરપૂર માત્રા હોય છે. આ લોહીની કમીને પૂરી કરીને બ્લડ સેલ્સને હેલ્ધી બનાવે છે.

૭. કેંસરથી બચાવ - કિશમિશના પાણીમાં રહેલા એંટી ઓક્સીડેંટ્સ શરીરના સેલ્સને હેલ્ધી બનાવીને કેંસર જેવી બીમારીઓથી આપણી રક્ષા કરે છે.




# ઈંગ્લેન્ડના બેટ્સમેનોને ફિરકી સ્પિનર્સને સમજવામાં મુશ્કેલી પડે છે : ગ્રીમ સ્વાન



જુલાઈમાં શરૂ થનાર ટીમ ઈન્ડિયાના ઈંગ્લેન્ડ પ્રવાસથી પહેલા નિવેદનો આવવાના શરૂ થઈ ગયા છે. આ વચ્ચે ઈંગ્લેન્ડના પૂર્વ ઓફ સ્પિનર ગ્રીમ સ્વાને ટીમ ઈન્ડિયાની તે તાકાત સામે ઈશારો કર્યો છે, જે ઈંગ્લેન્ડ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. તેમનું માનવું છે કે, ઈંગ્લેન્ડના બેટ્સમેનોને ફિરકી સ્પિનર્સને સમજવામાં થોડી મુશ્કેલી થાય છે અને ભારત ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન આનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકે છે.તેમને કહ્યું કે, કલાઈના સ્પિનર ઈંગ્લેન્ડમાં સારૂ પ્રદર્શન કરી છે. યાસિર શાહે પાછલા વર્ષે પાકિસ્તાન માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ઈંગ્લેન્ડના ખેલાડીઓને કલાઈથી સ્પિન નાંખવામાં મુશ્કેલી થાય છે અને તેમને રમવામાં પણ મુશ્કેલી થાય છે. જો તેઓ ફિટ છે અને કલાઈના બોલર્સની પસંદગી કરે છે અને તે બોલિંગ કરે છે તો તેઓ ખુબ જ સારૂ પ્રદર્શન કરી શકે છે.ઈંગ્લેન્ડમાં રમવાની રણનીતિ તે છે કે, ખેલાડીઓને ફ્રન્ટ ફુટ પર લાવવામાં આવે કેમ કે, અહીની વિકેટ થોડી ધીમી છે અને જેવી જ તમે થોડી શોર્ટ પિચ બોલિંગ કરાવો છો તો તમારી બોલ પર મેદાનના ચારે તરફ શોર્ટ લાગવા લાગે છે. યાસિર પાકિસ્તાન માટે સારૂ પ્રદર્શન તે માટે કરી શક્યો કેમ કે, તેની લેગ સ્પિન ખુબ જ ફાસ્ટ હતી, જેથી બેટ્સમેનોને બેકફૂટ પર જવાની તક આપી નહતી.



## ઝિમ્બાબ્વેએ લાલચંદ રાજપૂતને પોતાનો મુખ્ય કોચ બનાવ્યા



ઝિમ્બાબ્વે ક્રિકેટે ગુરુવારે ભારતના પૂર્વ બેટ્સમેન લાલચંદ રાજપૂતને પોતાનો મુખ્ય કોચ બનાવ્યો છે. બોર્ડે માર્ચમાં હીથ સ્ટ્રીકને ટીમથી મુખ્ય કોચ પદથી હટાવી દીધો હતો. સાથે પુરા સહયોગી સ્ટાફને પણ બર્ખાસ્ત કરી નાખ્યો હતો.

ઝીમ્બાબ્વે ક્રિકેટે એક નિવેદનમાં જણાવ્યું કે, 'રાજપૂત પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા સાથે થવા વાળી ત્રિકોણીય ટી-૨૦ સિરીઝ પહેલા તત્કાલ પ્રભાવથી કામ સંભાળવું પડશે.

રાજપૂત ૨૦૦૭માં ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા વાળી ભારતીય ટીમના કોચિંગ સ્ટાફમાં સમાવેશ થાય છે. તેઓ અફઘાનિસ્તાનના કોચ પણ રહી ચુક્યા છે અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં મુંબઈ ઈન્ડિયન્સના કોચનો ભાર પણ સંભાળી ચુક્યા છે.

તેઓ ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ એકેડમીના કોચ પણ રહી ચુક્યા છે. રાજપૂતની પ્રથમ પડકાર હરારેમાં જુલાઈમાં શરૂ થવાની ત્રિકોણીય ટી-૨૦ સિરીઝ રહેશે.

# ધોનીના ટી-૨૦માં છ હજાર રન થયા : નવી સિદ્ધિ મેળવી



દિલ્હી ડેરડેવિલ્સની સામે ભલે ચેન્નાઈ સુપર કિંગ્સના બેટ્સમેનોએ ખરાબ દેખાવ કર્યો છે પરંતુ આનાથી પ્લે ઓફમાં સ્થાનને લઈને કોઈપણ ચિંતા દેખાઈ રહી નથી. આ મુકાબલામાં મહેન્દ્રસિંહ ધોનીએ એક મોટો રેકોર્ડ સજર્યો હતો. જેને તોડવા માટેની બાબત કોઈપણ ખેલાડી માટે સરળ રહેશે નહીં. દિલ્હીના ફિરજશાહ કોટલા મેદાન ઉપર ચેન્નાઈ સુપરના કેપ્ટને ટી-૨૦ કેરિયરમાં ૬૦૦૦ રન પુરા કર્યા હતા.

પૂર્વ ભારતીય કેપ્ટન આ પ્રકારનો દેખાવ કરનાર પ્રથમ ભારતીય વિકેટ કિપર બની ગયા હતા. બેટ્સમેન તરીકે રેકોર્ડની વાત કરવામાં આવે તો તેઓ દુનિયાના ૧૮માં બેટ્સમેન છે. જ્યારે ભારત તરફથી પાંચમાં બેટ્સમેન તરીકે છે. દિલ્હીની

**ટીમ સ્પીરીટ**

સામે ધોનીએ ૨૩ બોલમાં ૧૭ રન બનાવ્યા હતા. ધોનીએ ૧૦મો રન બનાવ્યો ત્યારે ટી-૨૦ ક્રિકેટમાં તેના ૬૦૦૦ રન પુરા થઈ ગયા હતા. ધોનીના નામ ઉપર હવે ૨૯૦ મેચમાં ૬૦૦૭ રન છે. જેમાં ૨૪ અડધી સદીની સાથે ૨૬૫ છગ્ગાનો પણ સમાવેશ થાય છે. ધોનીથી પહેલા આ આંકડો હાંસલ કરનારમાં ભારતીય બેટ્સમેનોની યાદીમાં સુરેશ રૈના, વિરાટ કોહલી, રોહિત શર્મા, ગૌતમ ગંભીરના નામનો સમાવેશ થાય છે.

વર્લ્ડ રેકોર્ડની વાત કરવામાં આવે તો વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેઈલે ૩૩૩ મેચોમાં ૧૪૪૩૬ રન કર્યા છે. તેમની આસપાસ કોઈપણ બેટ્સમેન દેખાતા નથી.

### ટ્વેન્ટી-૨૦માં વધુ રન કરનાર ભારતીય.......

ટ્વેન્ટી-૨૦ ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવનાર બેટ્સમેનોની યાદીમાં મહેન્દ્રસિંહ ધોની પણ સામેલ થઈ ગયો છે. ધોનીએ ટ્વેન્ટી ક્રિકેટમાં ૬૦૦૦ રન પૂર્ણ કરતાની સાથે જ તે એક નવી સિદ્ધિ ઉપર પહોંચી ગયો છે. ટ્વેન્ટી ક્રિકેટમાં વધુ રન કરનાર ભારતીય બેટ્સમેનો નીચે મુજબ છે.

| ખેલાડી | રન |
|---|---|
| સુરેશ રૈના | ૭૭૦૭ |
| વિરાટ કોહલી | ૭૬૨૧ |
| રોહિત શર્મા | ૭૩૦૩ |
| ગૌતમ ગંભીર | ૬૪૦૨ |
| ધોની | ૬૦૦૭ |

**સુરેશ રૈનાએ ભારત તરફથી સૌથી વધુ રન કર્યા છે**
**દિલ્લી ડેરડેવિલ્સની સામે ૧૦ રન કર્યા ત્યારે ધોનીના છ હજાર રન પૂર્ણ થયા**
**ભારતવતી પાંચમો બેટ્સમેન બન્યો**

**સ્પોર્ટસ ક્વીઝ** ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ કયા ખેલાડીએ ૧૧મી વખત બાર્સેલોના ટેનીસ ચેમ્પીયનશીપ જીતી હતી ?

૨.આ વર્ષે રશીયામાં ફુટબોલ વર્લ્ડકપ કયારે આયોજીત થશે ?

૩. આ વર્ષે રશીયામાં આયોજીત ફુટબોલ વર્લ્ડકપમાં કેટલી ટીમો ભાગ લેશે ?

૪. 'ભારતને ભારતમાં હરાવવું એ માઉન્ટ એવરેસ્ટ સર કરવા જેટલું કપરૂં કામ છે' હાલમાં આ વિધાન કોણે કર્યું હતું ?

૫.અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે રમાનારી ઐતિહાસિક ટેસ્ટ મેચ માટેની ટીમનું સુકાન કયા ખેલાડીને સોંપવામાં આવ્યું છે ?

૬. હાલમાં જ એશિયા ખંડમાંથી કયા દેશને 'ટેસ્ટ ટીમ' નો દરજ્જો આપવામાં આવ્યો છે ?

૭. હાલમાં જ કયા ટેનિસ ખેલાડીએ કલેકોર્ટ પર સળંગ ૫૦ સેટ જીતીને કયા ખેલાડીનો ૩૬ વર્ષ જુનો રેકોર્ડ તોડયો હતો ?

૮. હાલમાં જ કયા ટેનિસ ખેલાડીએ મેડ્રીડ ઓપનમાં સ્પેનના રફેલ નડાલને હરાવીને મોટો અપસેટ સજર્યો હતો ?

૯. હાલમાં જ આયર્લેન્ડે તેના ક્રિકેટ ઈતિહાસની સૌ પ્રથમ ટેસ્ટ મેચ કયા દેશ સામે રમી હતી ?

૧૦. 'ટી-૨૦ નું ફોર્મેટ ટેસ્ટ ક્રિકેટને ખતમ કરી નાખશે' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૧. હાલમાં જ મહિલાઓ માટે હોકીની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૧૨. આ વર્ષે આઈપીએલ ૧૧ માં પ્લે ઓફમાં પહોંચનાર પ્રથમ બે ટીમો કઈ હતી ?

૧૩. હાલમાં જ કઈ મહિલા ટેનિસ ખેલાડીએ ત્રીજી વાર મેડ્રીડ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

જવાબ:

૧.હાલમાં જ સ્પેનના રાફેલ નડાલ નામના ખેલાડીએ ૧૧મી વખત બાર્સેલોના ટેનીસ ચેમ્પીયનશીપ જીતી હતી.

૨.આ વર્ષે રશીયામાં ફુટબોલ વર્લ્ડકપ ૧૪ જુનથી ૧૫ જુલાઈ દરમ્યાન આયોજીત થશે.

૩. આ વર્ષે રશીયામાં આયોજીત ફુટબોલ વર્લ્ડકપમાં ૩૨ ટીમો ભાગ લેશે.

૪. 'ભારતને ભારતમાં હરાવવું એ માઉન્ટ એવરેસ્ટ સર કરવા જેટલું કપરૂં કામ છે' હાલમાં આ વિધાન ઓસ્ટ્રેલિયાના નવા ક્રીકેટ કોચ જસ્ટીન લેંગરે કર્યું હતું.

૫.અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે રમાનારી ઐતિહાસિક ટેસ્ટ મેચ માટેની ટીમનું સુકાન અજીંક્યા રહાણે નામના ખેલાડીને સોંપવામાં આવ્યું છે.

૬. હાલમાં જ એશિયા ખંડમાંથી અફઘાન દેશને 'ટેસ્ટ ટીમ' નો દરજ્જો આપવામાં આવ્યો છે.

૭. હાલમાં જ સ્પેનના રાફેલ નડાલ નામના ટેનિસ ખેલાડીએ કલેકોર્ટ પર સળંગ ૫૦ સેટ જીતીને કયા ખેલાડીનો ૩૬ વર્ષ જુનો રેકોર્ડ તોડયો હતો.

૮. હાલમાં જ ઓસ્ટ્રીયાના ડોમનીક થિએમે નામના ટેનિસ ખેલાડીએ મેડ્રીડ ઓપનમાં સ્પેનના રફેલ નડાલને હરાવીને મોટો અપસેટ સજર્યો હતો.

૯. હાલમાં જ આયર્લેન્ડે તેના ક્રિકેટ ઈતિહાસની સૌ પ્રથમ ટેસ્ટ મેચ પાકિસ્તાન દેશ સામે રમી હતી.

૧૦. 'ટી-૨૦ નું ફોર્મેટ ટેસ્ટ ક્રિકેટને ખતમ કરી નાખશે' હાલમાં જ આ વિધાન ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન મેક્કુલમે કર્યું હતું.

૧૧. હાલમાં જ મહિલાઓ માટે હોકીની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન દક્ષિણ કોરીયામાં ડોન્ઘેઈ મુકામે કરવામાં આવ્યું હતું.

૧૨. આ વર્ષે આઈપીએલ ૧૧ માં પ્લે ઓફમાં પહોંચનાર પ્રથમ બે ટીમો સનરાઈઝર્સ હૈદ્રાબાદ અને ચેન્નાઈ સુપર કીંગ્સ સામે હતી.

૧૩. હાલમાં જ એક રીપબ્લિકની પેટ્રાકવીટોવાએ નેધરલેન્ડની કીકી બાર્ટેન્સને હરાવીને મહિલા ટેનિસ ખેલાડીએ ત્રીજી વાર મેડ્રીડ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી.

-ડૉ.પી.ડી.શર્મા
(અમદાવાદ)

# પોતાની ૧૦૦ મી વન-ડે મેચમાં સદી લગાવનાર બેટસમેનો

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા



ઓસ્ટ્રેલિયા તરફથી ડેવીડ વોર્નરે ભારત વિરૂદ્ધ ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ બેંગલુરૂ ખાતેની વન-ડે ઈન્ટર નેશનલ મેચમાં ૧૧૯ બોલ રમીને ૧૨૪ રન નોંધાવ્યા. વોર્નરની આ ૧૦૦ મી વન-ડે ઈન્ટરનેશનલ મેચ હતી. વોર્નરે પોતાની કેરીયરની ૧૪ મી વન-ડે સદી નોંધાવી હતી.

પોતાની ૧૦૦ મી વન-ડે મેચમાં સદી લગાવનાર વોર્નર ઓસ્ટ્રેલિયાનો પ્રથમ અને વિશ્વનો આઠમો ખેલાડી બન્યો હતો. વોર્નર ઓસ્ટ્રેલિયા તરફથી ૧૦૦ વન-ડે મેચ રમનાર ૨૮ મો ખેલાડી બન્યો હતો.

છેલ્લા દસ વર્ષમાં આ પ્રમાણેની ઘટના એક માત્ર વોર્નર દ્વારા જ બની હતી. પોતાની ૧૦૦ મી વન-ડે મેચમાં સદીનો ૧૨૪ રનનો જુમલો ત્રીજો સર્વશ્રેષ્ઠ જુમલો છે. આ પ્રકારની ઘટનામાં વેસ્ટ ઈન્ડીઝના ક્રીસગેઈલે પોતાની ૧૦૦ મી વન-ડે મેચમાં અણનમ ૧૩૨ રન નોંધાવ્યા હતા.

પોતાની ૧૦૦ મી વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં વોર્નરે ૧૪ સદીની મદદથી ૪૪.૮૬ ની એવરેજથી કુલ ૪૨૧૭ રન બનાવી ચુકયો છે. પોતાની પ્રથમ ૧૦૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં સૌથી વધુ રન અને સદી માત્ર દક્ષિણ આફ્રિકાના હાશીમ અમલાએ (૪૮૦૮ રન, ૧૬ સદી, ૫૩.૪૨ એવરેજ) બનાવ્યા હતા.

ભારતના વિરાટ કોહલીએ પોતાની પ્રથમ ૧૦૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં ૧૩ સદી સાથે ૩૮.૮૯ ની એવરેજથી ૪૧૦૭ રન બનાવ્યા હતા. આ સંદર્ભમાં દક્ષિણ આફ્રિકાના કવીન્ટન ડી કોકના આંકડા મહત્વપૂર્ણ છે. જેણે પોતાની ૮૫ વન-ડે ઈન્ટરનેશનલ વન-ડે મેચોમાં ૪૩.૪૪ ની એવરેજથી ૧૨ સદી સાથે ૩૫૧૯ રન બનાવી ચુકયો છે.

વોર્નરે પોતાની પ્રથમ ૫૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં ૩૧.૪૦ ની સાધારણ એવરેજથી ૨ સદી સાથે ૧૫૩૯ રન નોંધાવ્યા હતા અને અંતિમ ૫૦ વન-ડે મેચોમાં ૫૯.૫૧ ની એવરેજથી ૧૨ સદીની સાથે ૨૬૭૮ રન બનાવ્યા છે.

પોતાની ૧૦૦ મી વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં સૌ પ્રથમ સદી લગાવનાર વેસ્ટ ઈન્ડીઝનો ગોર્ડન ગ્રીનીઝ હતો. જેણે પાકિસ્તાન વિરૂદ્ધ શારજાહ ખાતે ૧૯૮૮ ની શ્રેણીમાં અણનમ ૧૦૨ રન કર્યા હતા. ત્યારબાદ ન્યુઝીલેન્ડના ક્રિસ કેન્સે ભારત વિરૂદ્ધ ૧૯૯૯ ની ક્રાઈસ્ટચર્ચ ખાતેની પોતાની ૧૦૦ મી વન-ડે મેચમાં ૧૧૫ રન નોંધાવ્યા હતા.

પોતાની ૧૦૦ મી વન-ડે મેચ રમનાર પાકિસ્તાનના મોહમ્મદ યુસુફે ૨૦૦૨ ની શારજાહ ખાતે શ્રીલંકા વિરૂદ્ધ ૧૨૯ રન નોંધાવ્યા હતા.

શ્રીલંકાના કુમાર સંગાકારાએ ૨૦૦૪ ની ઓસ્ટ્રેલિયા સામેની કોલંબો ખાતેની વન-ડે મેચમાં પોતાની કેરીયરની ૧૦૦ મી વન-ડે મેચ રમતાં ૧૦૧ રન નોંધાવ્યા હતા.

વેસ્ટ ઈન્ડીઝમાં ક્રીસ ગેઈલે પોતાની કેરીયરની ૧૦૦ મી વન-ડે ઈન્ટરનેશનલ મેચ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૨૦૦૪ ની લોર્ડસ ખાતેની વન-ડે મેચમાં

અણનમ ૧૩૨ રન નોંધાવ્યા હતા. જે કોઈપણ બેટસમેન દ્વારા પોતાની ૧૦૦ મી વન-ડે નો સર્વશ્રેષ્ઠ જુમલો છે.

ઈંગ્લેન્ડના માર્કસ ટ્રેસ્કોથિકે પોતાની ૧૦૦ મી વન-ડે મેચ બાંગ્લાદેશ વિરૂદ્ધ ૨૦૦૫ ની શ્રેણીની ધ ઓવલ ખાતેની વન-ડે મેચમાં અણનમ ૧૦૦ રન નોંધાવ્યા હતા.

વેસ્ટ ઈન્ડીઝના રામનરેશ સરવને પોતાની કેરીયરની ૧૦૦ મી વન-ડે ભારત સામે ૨૦૦૬ ની શ્રેણીની બેસેસ્ટર ખાતેની મેચમાં અણનમ ૧૧૫ રન નોંધાવ્યા હતા.

જ્યારે ડેવીડ વોર્નરે ઓસ્ટ્રેલિયા તરફથી આ સિદ્ધિ મેળવવામાં સફળતા મેળવી હતી.

-કમલેશ કંસારા

# આઈપીએલ-૧૧માં શરમજનક રેકોર્ડ નોંધાવનાર સ્ટાર બોલર બાસિલ થમ્પીએ ઈતિહાસ રચ્યો

**ટર્નીંગ પોઈન્ટ**




ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૧મી સીઝનની ૫૧મી મેચમાં હૈદરાબાદના ઝડપી બોલર બાસિલ થમ્પીએ શરમજનક રેકોર્ડ બનાવ્યો હતો. આ મેચમાં થમ્પી આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ રન આપનાર બોલર બની ગયો છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિરુદ્ધ રમાયેલી મેચમાં થમ્પીએ ચાર ઓવરમાં ૭૦ રન આપ્યા હતા. આ સાથે તે આઈપીએલમાં સૌથી વધુ રન આપનારા બોલર્સની યાદીમાં પ્રથમ સ્થાન પર પહોંચી ગયો છે. તે સિવાય ટી-૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન આપનારા બોલરોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે.

આ અગાઉ આઈપીએલમાં સૌથી વધુ રન આપવાનો રેકોર્ડ ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર ઈશાંત શર્માના નામે હતો. જેણે વર્ષ ૨૦૧૩માં ચેન્નાઈ સુપરકિંગ્સ સામેની મેચમાં ચાર ઓવરમાં ૬૬ રન આપ્યા હતા.હૈદરાબાદ આ સીઝનમાં પોતાની ૧૩મી મેચ રમી રહી હતી. હૈદરાબાદ પ્લે ઓફમાં અગાઉથી જ પ્રવેશી ચૂકી છે એવામાં તેણે ઝડપી બોલર ભુવનેશ્વરના સ્થાને થમ્પીને પ્લેઈગ ઈલેવનમાં રમવાની તક આપી હતી.

આ સીઝનમાં થમ્પી ચોથી મેચ રમી રહ્યો હતો. આ મેચમાં થમ્પીને બેંગ્લોરના બેટ્સમેનોએ સેટ થવાની તક આપી નહોતી. થમ્પીની પ્રથમ ઓવરમાં એબી ડિવિલિયર્સ અને મોઈન અલીએ ખૂબ ધોલાઈ કરી હતી.

# કોહલી સર્રે કાઉન્ટી માટે ક્રિકેટ રમી ટેસ્ટ ક્રિકેટને માન આપે છે : ડેવિડ ગોવર

મુંબઈ આવેલાં ઈંગ્લેન્ડનાં દિગ્ગજ ક્રિકેટર ડેવિડ ગોવર માને છે કે કોહલી સર્રે કાઉન્ટી માટે ક્રિકેટ રમી રહ્યો છે. કારણકે તે ટેસ્ટ ક્રિકેટને માન આપે છે. કાઉન્ટીમાં રમવાનો અનુભવ તેને ઈંગ્લેન્ડ સામે કામ લાગશે, એમ તે માને છે. અફઘાનિસ્તાન સામેની મેચ વિરાટ કાઉન્ટી ક્રિકેટ માટે ફાળવવાનો હોય તે ગુમાવશે. કારણકે તે ભારત ઈંગ્લેન્ડ સિરીઝનું મહત્વ સમજે છે. સર્રે વતી કાઉન્ટી રમવાથી તે બંન્નેને એકબીજાથી લાભ મળશે.



ડેવિડ ગોવર કે જે ઈંગ્લેન્ડ વતી ૧૯૭૮ થી ૧૯૯૨ દરમિયાન ૧૧૭ ટેસ્ટ અને ૧૧૪ વન ડે રમ્યો છે. તેણે એક અખબારી ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ક્લબ અને કોહલી બંન્ને એકબીજાને મેળવી ખુશ છે. તેનાં જ સાથી ખેલાડી બોબ વિલિસે વિરાટને કાઉન્ટિમાં રમાડવાનાં નિર્ણયનો વિરોધ કર્યો હતો અને આ પગલાને 'નોન્સેન્સ' ગણાવ્યું હતું.

વિલિસનાં મત મુજબ તેને રમવાની છુટ આપવાથી તે અંગ્રેજી કંડિશન મુજબ સેટલ થઈ જશે. આ અંગે કોમેન્ટ કરતાં તેણે કહ્યું કે જેમણે પણ છેલ્લાં ૫ વર્ષથી ક્રિકેટ ફોલો કર્યુ છે તે માને છે કે વિરાટ હાલ વિશ્વનો શ્રેષ્ઠ બેટ્સમેન છે.

જો તેને આ તક ન પણ આપવામાં આવે તો પણ તે સારું પ્રદર્શન કરી શકે તેમ છે. હા એ ખરુ કાઉન્ટીમાં રમવાથી તેને થોડો ફાયદો મળશે. આમ પણ ભારત પહેલાં ટી ૨૦ અને વન ડે રમવાનું છે.

# આઈપીએલ : હાર બાદ રાહુલ ગુસ્સામાં,મેન ઓફ ધ મેચ ટ્રોફી ફેંકી દીધી...!!

કિંગ્સ ઈલેવન પંજાબ પહેલા પ્લે ઓફમાં પહોંચવાના ખૂબ જ નજીક હતી પરંતુ સતત હારવાના કારણે પંજાબના હાલ પણ અન્ય ટીમ જેવા થઈ ગયા છે. હવે તેમણે પણ પ્લેઓફમાં પહોંચવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં પંજાબે હારનો સામનો કરવો પડ્યો. ૧૮૬ રનના ટાર્ગેટનો પીછો કરતા પંજાબ ફક્ત ૧૮૩ રન સુધી પહોંચી શક્યું.

પંજાબના યુવા ખેલાડી કેએલ રાહુલે ૯૪ રનની ઈનિંગ રમી. તેમ છતાં પંજાબ મેચ જીતી ન શક્યુ. હાર બાદ તે ખૂબ જ નિરાશ થઈ ગયો અને માથા પર હાથ મુકીને બેસી રહ્યો. આ ઈનિંગ માટે તેને સ્ટાઈલિશ પ્લેયર ઓફ ધ મેચનો અવોર્ડ મળ્યો.

સોશિયલ મીડિયા પર એક વિડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં નારાજ થયેલા કેએલ રાહુલે તે ટ્રોફી એક ફેનને આપી દીધી. સોશિયલ મીડિયા પર તેનો આ વિડિયો વાયરલ થઈ રહ્યો છે. મેચ બાદ તે ડ્રેસિંગ રૂમ તરફ તઈ રહ્યો હતો તે જ સમયે ફેન્સ તેની તરફ આવી ગયા. સીડી ચડતી વખતે તેણે ફેન્સ તરફ પોતાની ટ્રોફી ફેંકી દીધી.

એક તરફ ફેન્સ કેએલ રાહુલની ટ્રોફી મેળવીને ખુશ હતા પરંતુ કેએલ રાહુલે આ કામ નિરાશ થઈને કર્યું છે. તેના શાનદાર પર્ફોર્મન્સ બાદ પણ તેની ટીમ હારવાના કારણે તે ખૂબ જ નારાજ હતો.

### વાવના...

પાના નં.૧ ચાલુ

વાળી જમીન ઉપર કબજો કરી અમોને ડરાવે ધમકાવે છે. જે બાબતે રાધાનેસડા ગામના ઠકોર વાઘાભાઈ જગશીભાઈ ખાતા નં.૧૯૩ સર્વે નં.૧૫૮ પથુભાઈ જગશીભાઈ ઠાકોર ૧૦૪ પૈકીની ૩ તેમજ રૂપભાઈ જગશીભાઈ ઠાકોર સર્વે નં.૧૫૭ પૈકીની અંદાજે કુલ ૩૦ એકર જમીન ના ૭/૧૨ - ૮-અ ના ઉતારા હોવા છતાં તેમના કબજામાં સોલાર કંપની બિન અધિકૃત બાંધકામ કરી હોવાની રજુઆતો કરી છે. જો કે આ બાબતે વાવ મામલતદારને રાધાનેસડા ઠાકોર પરિવારના ૨૦૦ પરિવારોએ યોગ્ય ન્યાય નહી મળે તો દિન - ૩ માં વાવ મામલતદાર કચેરી ખાતે સામુહિક આત્મ વિલોપનની ધમકી ઉચ્ચારતા સરકારીતંત્ર ભારે વિમાસણમાં મુકાઈ ગયું છે.આ બાબતે વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે જિ.કલેકટરને ફોન દ્વારા આ વિવાદાસ્પદ બાંધકામને અટકાવવા માટે રજુઆત કરી છે. આમ રાધાનેસડા ગામે રૂા.૫૦૦ કરોડના ખર્ચે કોઈ કંપની દ્વારા શરૂ કરવામાં આવેલા બાંધકામના મુદે વિવાદનો મધપૂડો છંછેડાયો છે.

### રાજકોટમાં દલિત..

અનુસંધાન ૩ નુ ચાલુ..

સરકાર આવા લોકોને પકડી કડક સજા કરે અને રાજકોટમાં દલિત કામદારની હત્યાની ઘટનાના મુખ્ય આરોપીની પણ ધરપકડ કરી યોગ્ય સજા કરવાની માંગણી સાથે ડીસામાં વસતા દલિત સમાજ દ્વારા આજે ડીસાના નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું હતું.આ મામલે કોઈ પરિણામલક્ષી કાર્યવાહી ના થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી પણ સ્થાનિક અગ્રણીઓએ ઉચ્ચારી હતી.

### ગુજરાતી હાસ્યનો..

અનુસંધાન ૩ નુ ચાલુ..

ચેપ્લીન, ગ્રેટ શો મેન જયોર્જ બર્નાર્ડ શો અન્ટવ ચેખવ નામના જીવન ચારિત્ર્યો લખેલા. શ્લીલ - અશ્લીલ, હાસ્યાપન, સારા જહા હમારા શેખાદમ આબુવાળા, પ્રસન્ન ગઠરીયા , ચંદ્રવદન મહેતા શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ, હાસ્ય માધુરી સંપાદકીય પુસ્તક તો હિન્દીમાં દેખ કબીરા રોયા, સુના અનસુના બૈતાલ છબ્બીસી, ભૂલચૂક લેતી દેતી ચાર્લી ચેપ્લીન અને સિંધિ ભાષામાં નજર નજર જો ફેર પુસ્તક પ્રકાશિત થયેલ. ગુજરાતી હાસ્ય સાહિત્યમાં વિનોદ ભટ્ટનું અનોખું યોગદાન રહ્યુંને એના ફળ સ્વરૂપે આ ગુજરાતી હાસ્યકાર લેખકને ૧૯૭૬ માં કુમારચંદ્રક, ૧૯૮૯ માં રણજીતરામ સૂવર્ણચંદ્ર, ૨૦૧૬ રમણભાઈ નિલકંઠ પુરસ્કાર ઉપરાંત જયોતિન્દ્ર દવે હાસ્ય પારિતોષિક પ્રાપ્ત થયેલ.

વિનોદ ભટ્ટ ૧૯૯૬ - ૯૭ માં ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ પદે રહ્યા.

ગુજરાતી સાહિત્ય જગતનો હાસ્ય સિતારો ગઈકાલ તા.૨૩/૫/૨૦૧૮ ના એસી વર્ષ ચાર મહિના અને નવમા દિવસે અચાનક અસ્ત પામ્યો. ગુજરાતી - હિન્દી - સિન્ધી સાહિત્યમાં પોતાની કલમ થકી હાસ્યનું સ્મીત ફેલાવવાનું એ ભગીરથ કાર્ય અમર બની રહેશે. પૃથ્વીલોક પર માનવીને હસાવવો બહુ કપરો છે ને તેમાંય જયારે દિવાની દિવેટ બનીને જયારે હાસ્યરસ પિરસવા પ્રયત્ન થાય ત્યારે વિનોદ ભટ્ટ જ યાદ આવેને.... ગુજરાતી હાસ્ય લેખક વિનોદ ભટ્ટની ઓચિંતી અલવિદાથી ગુજરાતી સાહિત્ય જગતને મોટી ખોટ પડી છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે માર્મિક શૈલીમાં પોતાના હાસ્યલેખ અને લેખમાળાઓ પુસ્તકો દ્વારા વિનોદભાઈએ સમાજ જીવનની વાસ્તવિકતાઓનું બખૂબી નિરૂપણ કર્યું છે. તેમના દુઃખદ નિધનથી ગુજરાત સાહિત્ય જગતને ન પુરાય તેવી ખોટ પડી છે. બનાસ સાહિત્ય કલા સંઘ પણ ગુજરાતી હાસ્ય લેખક વિનોદ ભટ્ટના દુઃખદ અવસાનથી આધાત અનુભવે છે ને હૃદય પૂર્વક શ્રધ્ધાંજલિ પાઠવીએ હાસ્યનો સિતારો હંમેશા પ્રજા વચ્ચે સદા રહેશે જ તેવી પ્રાર્થના કરી હતી.

### હેમ.ઉત્તર ગુજરાત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પરિણામ ૨૬ જયારે ૧૦ પુરૂષ પરીક્ષાર્થીના રીઝર્વ રાખવામાં આવ્યા છે. ડબલ્યુ મીસ્ક.૨ પુરૂષ અને ૨ સ્ત્રી મળી ચાર પરીક્ષાર્થીઓ તથા ડબલ્યુ હોલ્ડમાં એક પુરૂષ અને એક સ્ત્રી મળી કુલ ૨ પરીક્ષાર્થીઓનાં પરિણામ રાખવામાં આવેલ છે.

આ પરીક્ષામાં જાતિવાદ જોઈએ તો.૩૫૦૦ જનરલ, ૧૦૭૩ એસ.સી. ૫૩૧ એસ.ટી.તથા ૨૭૨૯ બક્ષીપંચ કેટેગરીના નોંધાયા હતા. તેમાંથી ૨૭૦૮ જનરલ, એસ.સી.૭૮૨,એસ.ટી.૩૯૩ તથા ૧૯૫૯ ઓબીસી જાતિના પરીક્ષાર્થીઓ પાસ થતાં બી.એસ.સી. સેમીસ્ટર-૪ (ચાર)નું પરિણામ-૭૯.૧૮ ટકા જાહેર કર્યું હતું.

### ડીસા સહીત ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

થી જનજીવન પ્રભાવિત થઈ ઉઠયું છે. જેના કારણે ગરમીજન્ય બિમારીઓનો ઉપદ્રવ વધી પડયો છે. તો પશુ - પંખી જીવો પણ આકુળ - વ્યાકુળ થઈ ગયા છે. જો કે ગરમીનો દૌર યથાવત રહેવાની હવામાન વિભાગે અગાહી કરી છે. તેથી નજીકના દિવસોમાં લોકોને ગરમીથી રાહત મળે તેમ જણાતું નથી.

### કંબોઈ ચાર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કરી રહ્યા છે. છતાં આ સમસ્યા માર્ગ અને મકાન વિભાગ દીયોદર તથા તાલુકા કાર્યપાલક ઈજનેર શિહોરી પણ સાંભળતા નથી અને કોઈપણ જાતની કાર્યવાહી કરતા નથી. કંબોઈ ચાર રસ્તા પર રાત્રે બનાસ નદીમાંથી ઓવરલોડ રેતી ભરીને આવતા કમ્પર ચાલકો જયાં ત્યાં રેતીના ઢગલા કરી દેતા હોય છે. તો લાગતા વળગતા અધિકારીઓ આ કંબોઈ ચાર રસ્તા પરથી રેતી હટાવી શકશે તેવી લોકોની ટીખળ છે.

### સોયલા - ભીલડી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેવાં હોડીંગ સાથે કેન્ડલ માર્ચ ભીલડીમાં ફરી બાદમાં રેલ્વે માસ્ટરને આવેદનપત્ર પણ આપ્યું હતું.

સોયલા - ભીલડી રેલ્વે ફાટક નં - ૪૪ ઉપર આજુબાજુના ૫૦ જેટલા ગામોની પ્રજા અવરજવર કરે છે પરંતુ આ ફાટક વારંવાર બંધ રહેતા ચક્કાજામ ટ્રાફિકની સમસ્યા રોજિંદી જોવા મળે છે. જેથી આજુબાજુના ૫૦ જેટલા ગામોનો લોકો તેમજ ગ્રામિણ વાહન ચાલકો ટ્રાફિકમાં અટવાય છે તેથી આ ફાટક ઉપર પુલ બનાવવાના મુદે અગાઉ બે વખત મગનભાઈ દેસાઈએ પ્રતિક ઉપવાસ કર્યા હતા. તેમ છતાં સરકાર આ મુદે પક્ષપાત દાખવે છે તેથી ગ્રામિણ પ્રજાના સાથ અને સહકારથી ગતરોજ સાંજે તેમણે ફરી ઉંઘતી સરકારને જગાડવા કેન્ડલ માર્ચ થકી આંદોલન છેડવાની જાહેરાત કરી છે. તેમ છતાં સત્તધીશો દ્વારા યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો ધરણા, ઉપવાસ અને રેલરોકો જેવા કાર્યકર્મો કરી ઉગ્ર આંદોલન છેડાશે. તેમ તેઓએ જણાવી પંથકના આ પ્રાણ પ્રશ્ન મુદે તમામ ગામોના લોકોને સહયોગ આપવાની અપીલ પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સોયલા - ભીલડી રેલ્વે ફાટક ઉપર આજુબાજુના ગામોના તેમજ દિયોદર તેમજ લાખણી તાલુકાના ગામોના લોકો વાહનો સાથે અવરજવર કરે છે. પરંતુ આ ફાટક મોટાભાગે બંધ રહેતી હોય છે જેના લીધે ગંભીર બિમાર દર્દીઓને ચક્કાજામને લીધે ઈમરજન્સી સારવારના અભાવે જાન ગુમાવવાના પણ બનાવો અગાઉ બનેલા છે. ત્યારે ગ્રામિણ પ્રજાની હાલાકીને ધ્યાને લઈ સત્વરે ફાટક ઉપર પુલ બનાવાય તેવી જનમાંગ છે.

### સમસ્ત મહાજન ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

યોજનાનો સહારો લીધો છે અને આ યોજના અંતર્ગત ગીરીશભાઈ શાહ તેમના એન.જી.ઓ.મારફતે ડીસા તાલુકાના ૧૯ ગામોના તળાવોને ઊંડા કરશે.. સરકાર દ્વારા આ અંગે ગામ દીઠ ૪૫૦૦ ક્યુબીક મીટર ખોદકામ કરવા અંગે પ્રતિ ક્યુબીક મીટર દીઠ ૩૦ રૂપિયાની સહાય આપવામાં આવી રહી છે.. પરંતુ ગીરીશભાઈની સંસ્થા આ કામ કરવા માટે સરકાર પાસે માત્ર ૧૫ રૂપિયાની સહાય લઈને આ સેવાકીય કાર્ય કરશે. આમ તો પ્રતિ ક્યુબીક મીટર ખોદકામનો ખર્ચ ૨૭થી ૩૦ રૂપિયા જેટલો થાય છે.. પરંતુ તેમ છતાં આ સંસ્થા બાકીનો ખર્ચ જાતે ઉપાડીને તળાવો ઊંડા કરી પાણીના સંગ્રહ માટે તેમજ ખોદકામ કરવામાં આવેલા તળાવની માટી ખેડૂતોને નિશુલ્ક આપશે.. આ ઉપરાંત તળાવોને ઊંડા કર્યા બાદ તેની આજુબાજુ ૧૨ પ્રકારના અલગ અલગ ૮ ફૂટના તૈયાર વૃક્ષો રોપશે..

સમસ્ત મહાજન નામની એન.જી.ઓ. અત્યાર સુધી અનેક સેવાકીય કાર્ય કરી ચુકી છે.. ગુજરાત ભરની પાંજરાપોળોમાં તળાવો બનાવીને ઘાસચારો વાવી આપવા માટે ખાસ પ્રયાસો કર્યા છે.. ત્યારે હવે ગામે ગામ પહોંચીને ભારતના અસલ ગામડાઓ બનાવવાની દિશામાં અત્યારે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# અમદાવાદ સહિત રાજયભરમાં ભીષણ ગરમી : લોકો ત્રાહિમામ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો છે. આજે રાજયના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચી ગયો હતો. રાજયના જે વિસ્તોરમાં પારો આજે ૪૪થી ઉપર રહ્યો હતો તેમાં અમદાવાદમાં ૪૪.૬, ગાંધીનગરમાં ૪૪.૫, ડિસામાં ૪૫.૨, ઇડરમાં ૪૪.૬, અમરેલીમાં ૪૪, રાજકોટમાં ૪૪.૪, સુરેન્દ્રનગરમાં ૪૫.૭, ભુજમાં ૪૪.૨ અને કંડલા એરપોર્ટ ૪૪.૬ સુધી પારો પહોંચી ગયો હતો. બપોરના ગાળામાં લોકો ગરમીના કારણે ત્રાહિમામ પોકારી ગયા હતા. બીજી બાજુ ઉંચા તાપમાન માટેની ચેવતણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. તીવ્ર હિટવેવ કચ્છના જુદા જુદા ભાગોમાં જોવા મળી શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આગામી બે દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં પારો ૪૧થી ૪૫ સુધી રહી શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ સુરેન્દ્રનગરમાં થયો હતો. જયાં મહત્તમ તાપમાન ૪૫.૭ ડિગ્રી રહ્યું હતું. આ ઉપરાંત ડિસામાં પણ પારો ૪૫.૨ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં આજે પારો ૪૪.૬ ડિગ્રી રહ્યો હતો. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. આગામી દિવસોમાં પણ ગરમીના પ્રમાણમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આગામી દિવસોમાં પારો હજુ પણ ઉપર જઈ શકે છે. વધતી જતી ગરમીના કારણે લોકો હવે વધુમાં વધુ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રાહત આપવા માટે જુદા જુદા વિસ્તારમાં પાણીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઘણી જગ્યાઓએ પાણીના જગ મુકાયા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અનેક વિસ્તારોમાં સક્રિય થયેલી છે. જેના પરિણામ સ્વરૂપે લોકોને તીવ્ર ગરમી વચ્ચે મદદ કરવામાં આવી રહી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ લોકો જોખમ લઈને બહાર નીકળવા માટે તૈયાર નથી. ગરમીના કારણે ઈન્ફેકશનની શક્યતા પણ દેખાઈ રહી છે.

## સચિન પણ ન કરી શક્યો તે વિરાટે કરી બતાવ્યું : શેન વોર્ન

ઓસ્ટ્રેલિયાના મહાન લેગ સ્પિનર શેન વોર્નનું માનવું છે ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ એ બધું જ અચીવ કરી લીધું છે, જે દુનિયાના મહાન બેટસમેન સચિન તેંડુલકર પણ કરી શકયા નથી. તેની સાથે જ શેન વોર્ને કહ્યું કે હાલના સમયમાં વિરાટ કોહલી અને સાઉથ આફ્રિકાના એબી ડિવિલિયર્સ ક્રિકેટર્સ તમામ ફોર્મેટમાં ઉમદા ક્રિકેટર છે.

શેન વોર્ને સચિન તેંડુલકર સાથે વિરાટની તુલના ત્યારે કરી રહ્યાં હતા જ્યારે વન ડે મેચમાં સક્સેસફુલ રન ચેજના સંદર્ભમાં વાત થઈ રહી હતી. વનડે મેચમાં રન ચેજ કરતાં વિરાટ કોહલીના નામે ૧૯ સદી છે, જેમાં બે તેંદુલકરથી પણ શ્રેષ્ઠ છે.

શેન વોર્ને એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે હું જાણું છુંકે જે રીતે વિરાટ રમે છે અને વનડે ક્રિકેટમાં તે જે નંબર પર બેટિંગ માટે આવે છે. એવામાં રન ચેજ કરતાં તમે તેની સદીની સંખ્યા જુઓ. મને નથી લાગતું કે વિરાટ સિવાય કોઈએ પણ આવું કર્યું હોય. એટલે સુદ્ધાં કે સચિન તેંડુલકર પણ તે કરી શકયા નથી, જે વિરાટે કરી દેખાડ્યું છે.

કોહલીના વખાણ કરતાં વોર્ને કહ્યું કે મેં અત્યાર સુધીમાં જેટલા પણ ક્રિકેટર્સ જોયા છે તેમાંથી વિરાટ એટલો જ શ્રેષ્ઠ છે, જેટલા દુનિયાના બીજા મહાન ક્રિકેટર્સ છે. તેઓ શાનદાર અને ઉમદા ખેલાડી છે. મને તેની ઉર્જા અને ઝનૂન ખૂબ પસંદ છે. મને પૂરો વિશ્વાસ છે કે આવતા ૧૦ કે તેનાથી વધુ વર્ષ બાદ ક્રિકેટ છોડશે, તો લોકો તેના એ અંદાજમાં વખાણ કરશે જે અંદાજમાં તેંડુલકરના થતા હતા.

## સેરેના વિલિયમ્સ ફ્રેન્ચ ઓપનમાં બિનક્રમાંકિત ખેલાડી તરીકે રમશે

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સ માતા બની હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી પ્રોફેશનલ ટેનિસ જગતથી દૂર હતી, જેના કારણે તેની રેક્ગિંમાં પડતી થઈ છે. આ કારણે ૨૭મી મે થી શરૂ થઈ રહેલી સિઝનની બીજી ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશીપ - ફ્રેન્ચ ઓપનમાં તેને બિનક્રમાંકિત ખેલાડી તરીકે રમવું પડશે. ટેનિસની એલિટ ગ્રાન્ડ સ્લેમ ઈવેન્ટમાં ખેલાડીઓને તેમના રેક્નના આધારે સિડિંગ (એક પ્રકારનો ક્રમ) આપવામાં આવે છે.

ફ્રેન્ચ ટેનિસ ફેડરેશને જાહેરાત કરી હતી કે, આ વખતે પણ તેઓ ડબલ્યુટીએ રેક્ગિંના આધારે જ પોતાના સિડીંગ નક્કી કરશે. સેરેનાએ સપ્ટેમ્બરમાં પુત્રીને જન્મ આપ્યો હતો અને તે માતા બન્યા બાદ પહેલી મેજર ચેમ્પિયનશીપમાં ભાગ લેવાની તૈયારી કરી રહી છે.

## મુંબઈ ઈન્ડિયન્સે કિંગ્સ ઈલેવન પંજાબને ૩ રનથી હરાવી પોઈન્ટ ટેબલમાં પહોંચ્યું ચોથા સ્થાને

વાનખેડા સ્ટેડિયમમાં આઈપીએલ-૧૧ના ૫૦મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે કિંગ્સ ઈલેવન પંજાબને રોમાંચક મુકાબલામાં ૩ રનથી હરાવી પ્લેઓફમાં પ્રવેશવાની આશા જીવંત રાખી હતી. ૧૮૭ રનના ટાર્ગેટનો પીછો કરતી પંજાબે ૨૦ ઓવરમાં ૫ વિકેટ પર ૧૮૩ રન બનાવી શકી હતી.

પંજાબ વતી કે.એલ. રાહુલને સૌથી વધારે ૯૪ રન બનાવ્યા. મુંબઈ ઈન્ડિયન્સ વતી જસપ્રીત બુમરાહે ૩ વિકેટ ઝડપી પાડી હતી.આ પહેલા ટોસ હારી બેટિંગ માટે આવેલી મુંબઈએ ૨૦ ઓવરમાં ૮ વિકેટ પર ૧૮૬ રન બનાવ્યા હતા. કિરોન પોલાર્ડે સૌથી વધારે ૫૦ રન બનાવ્યા હતા. પંજાબ તરફથી એંડ્ર્યૂ ટાયએ ૪ ઓવરમાં ૧૬ રન આપી ૪ વિકેટ ઝડપી હતી.

મુંબઈની ટીમ ૧૨ અંક સાથે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાન પર પહોંચી છે. હાર પછી પંજાબ ૧૨ અંક સાથે છઠ્ઠા સ્થાન પર છે. પ્લેઓફમાં પહોંચવા માટે બંન્ને છેલ્લી મેચ જીતવી પડશે.

## આઈપીએલ-૨૦૧૮માં રાશિદ ખાને હજુ સુધી એક પણ 'નો બોલ' ફેંક્યો નથી..!!

અફઘાનિસ્તાનનો સ્પિનર રાશિદ ખાન સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી દરેક મેચમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે, જોકે આઈપીએલ-૧૧ની શરૂઆતની મેચમાં તેની હરીફ ટીમના બેટ્સમેનોએ સારી એવી ધોલાઈ કરી હતી, પરંતુ એક વાર જયારે રાશિદ ખાન ફોર્મમાં આવી જાય છે ત્યારે તેની સામે રમવું કોઈ બેટ્સમેન માટે સહેલી વાત નથી હોતી.

આઈપીએલ હવે અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. રાશિદ ખાને નો બોલ ફેંકવાના મામલામાં એક નવો રેકોર્ડ પોતાના નામે નોંધાવી દીધો છે. અત્યાર સુધી ૧૨ મેચ રમી ચૂકેલા રાશિદ ખાને હજુ એક પણ નો બોલ ફેંક્યો નથી. ટૂર્નામેન્ટ દરમિયાન રાશિદ કુલ ૨૮૮ બોલ ફેંકી ચૂક્યો છે, પરંતુ આમાંથી એક પણ નો બોલ નથી. આ લિસ્ટમાં તે સુનીલ નરૈન અને આર. અશ્વિન જેવા દિગ્ગજોને પાછળ છોડી ચૂક્યો છે.રાશિદ ખાનની આઈપીએલમાં એન્ટ્રી વર્ષ ૨૦૧૭માં થઈ હતી. એ સમયે રાશિદે હૈદરાબાદ તરફથી રમીને શાનદાર પ્રદર્શન કરતાં ૧૪ મેચમાં ૧૭ વિકેટ ઝડપી હતી. વર્તમાન સિઝનમાં પણ તે પોતાની સ્પિન બોલિંગથી ભલભલા બેટ્સમેનોને વિકેટ પર નચાવી રહ્યો છે. અત્યાર સુધી તેણે રમેલી ૧૨ મેચમાં ૧૩ વિકેટ ઝડપી છે. આ દરમિયાન રાશિદ માટે ખાસ વાત એ છે કે તેનો ઈકોનોમી રેટ ૬.૯૦નો રહ્યો છે, જેને ટી-૨૦ ફોર્મેટમાં શાનદાર કહી શકાય.

## ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન બિલ લૌરીએ કોમેન્ટેટર તરીકે નિવૃતિ જાહેર કરી

ઓસ્ટ્રેલિયાના ૮૧ વર્ષીય ભૂતપૂર્વ કેપ્ટન બિલ લૌરીએ કોમેન્ટેટર તરીકે નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. લૌરીએ ૪૦ વર્ષ ક્રિકેટ કોમેન્ટેટર અને એક્સપર્ટ તરીકે સેવા આપી હતી.

ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત ચેનલ નાઈનના કોમેન્ટેટર તરીકે વર્ષો સુધી સેવા આપનારા લૌરીને ફોક્સ સ્પોર્ટસ અને સેવન ચેનલની ઓફરને ઠુકરાવતા કહ્યું હતુ કે, હું મારી મહાન યાત્રાને રોળી નાંખવા માંગતો નથી. ઓસ્ટ્રેલિયન બોર્ડે આગામી પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ ફોક્સ-સેવનને આપ્યો છે. લૌરી ચેનલ નાઈનને પોતાનું ઘર માને છે. તેમને ૧૯૭૦માં કેરી પેકરે વર્લ્ડ સિરિઝ ક્રિકેટના કોમેન્ટેટર તરીકે પસંદ કર્યા હતા.

## ભારતીય મહિલા હોકી ટીમની ટૂર્નામેન્ટમાં સતત બીજી જીત, ચીનને ૩-૧થી હરાવ્યું

ભારતીય મહિલા હોકી ટીમે એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન જાળવી રાખતાં ચીનને ૩-૧થી પરાજય આપી સતત બીજો વિજય મેળવ્યો હતો. આ પહેલાં ગત રવિવારે ભારતીય ટીમે જાપાન સામે ૪-૧થી જીત મેળવી હતી.

ભારતીય ટીમ તરફથી વંદના કટારિયાએ મેચની ચોથી જ મિનિટે ગોલ કરી ભારતને ૧-૦ની લીડ અપાવ્યા બાદ વંદનાએ ૧૧મી મિનિટે વધુ એક ગોલ કરી ભારતને ૨-૦ની લીડ અપાવી હતી. જોકે, ચીન તરફથી પ્રથમ ક્વાર્ટરની અંતિમ મિનિટે વેન ડાને ગોલ કરી લીડ ઘટાડી હતી. તે પછીના બે ક્વાર્ટર સુધી બંને ટીમ ગોલ કરવામાં નિષ્ફળ રહી હતી. ચોથા ક્વાર્ટરની ૫૧મી મિનિટે ભારતીય ટીમને ગોલ કરવાની તક હતી પરંતુ તેનો ફાયદો ઉઠાવી શકી નહોતી. તે પછી મેચની ૫૯મી મિનિટે ભારતીય ટીમને પેનલ્ટી કોર્નર મળ્યું હતું જેના પર ગુરજિત કૌરે ગોલ કરી ભારતને ૩-૧થી વિજય અપાવ્યો હતો. ભારત હવે બે મેચમાં વિજય મેળવી છ પોઈન્ટ સાથે ટોચનાં સ્થાને છે. વિશ્વમાં ૧૦મો ક્રમાંક ધરાવતી ભારતીય ટીમનો સામનો હવે મલેશિયા સામે થશે. મલેશિયન ટીમે પોતાની અન્ય એક મેચમાં જાપાનને ૩-૨થી પરાજય આપ્યો હતો.

## વિરોધી ટીમના મેન્ટર શેન વોર્નની હાજરીથી પ્રેરણા મળી : કૂલદીપ યાદવ

રાજસ્થાન રોયલ્સ વિરૂદ્ધ મંગળવારે રમાયેલ મહત્વપૂર્ણ મેચમાં પોતાની બોલિંગની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સને જીત અપાવી હતી. કૂલદીપ યાદવે મેચ પછી કહ્યું હતું કે, વિરોધી ટીમના ડગ આઉટમાં તેમના જમાનાના દિગ્ગજ બોલર શેન વોર્નની હાજરીથી તેમને પ્રેરણા મળી અને તેઓ આઈપીએલમાં કરિયરનો સૌથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યો હતો.

કૂલદીપ યાદવે રાજસ્થાન રોયલ્સની પહેલી મેચથી પહેલા ૧૨ મેચોમાં નવ વિકેટ ઝડપી અને આ મેચમાં તેને ૨૦ રન આપીને ચાર વિકેટ પોતાના ખાતા નોંધાવી લીધી હતી. દિનેશ કાર્તિકની આગેવાની હેઠળ કોલકાતા નાઈટરાઈડર્સે ૦૬ વિકેટથી આ મેચ જીતી લીધી હતી. કૂલદીપ યાદવે કહ્યું કે, ઓસ્ટ્રેલિયાના મહાન સ્પિનર વોર્ન સામે સારૂ પ્રદર્શન કરવા માંગતો હતો, જે હવે ઓસ્ટ્રેલિયાના મેન્ટર છે. કૂલદીપે મેચ બાદ કહ્યું કે, હું હંમેશા વોર્નનો મોટો પ્રશંસક રહ્યો છું. તેઓ મારા આદર્શ છે. તેમની સામે રમવા પર મને અલગ રીતની પ્રેરણા મળે છે. હું તેમની આગળ સારૂ પ્રદર્શન કરવા માંગતો હતો. સીમિત ઓવરના ફોર્મેટમાં ભારતના પ્રમુખ સ્પિનર કૂલદીપે કહ્યું કે, વોર્ને આગામી ઈંગ્લેન્ડના પ્રવાસ માટે તેમને ટિપ્સ પણ આપી છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૧૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૧૦૦
સોનુ તોલો ૩૧૦૦૦-૩૧૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
પલી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૧૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૨૦-૨૬૦
**ભીંડા ૨૦૦-૩૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૫૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

Website : www.rakhewaldaliy.com    E-mail : rakhewal@gmail.com

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ



# કડીમાં યુવતીને ભગાડી જવાની તકરારમાં હુમલો

મહેસાણા

કડી રેલવે સ્ટેશન નજીકથી એક યુવતીને ભગાડી જવાની અદાવતમાં એક યુવક સહિત બે વ્યક્તિ પર હુમલો કરાયો હતો. આ મામલે બે આરોપી શખ્સો સામે કડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી. કડી રેલવે સ્ટેશન નજીક રહેતા રમેશભાઈ કેશાભાઈ દંતાણીએ આ વિસ્તારમાં રહેતા વિષ્ણુ ખેંગારભાઈ દંતાણી અને ખેંગારભાઈ દંતાણી સામે ગત મંગળવારે કડી પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર રમેશભાઈ દંતાણી અને આરોપીઓ વચ્ચે સોમવારે યુવતી ભગાડી જવાની બાબતે તકરાર થઈ હતી. જેમાં આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને રમેશભાઈ દંતાણીની પત્ની અને તેના દિકરા પર લાકડીથી હુમલો કરી માર માર્યો હતો.

# જળસંચય અભિયાન અંતર્ગત બહુચરાજીમાં યુવા ભાજપ દ્વારા બાઈક રેલી યોજાઈ



ચાણસ્મા

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા જળસંચય અભિયાન અંતર્ગત પાણી બચાવવા લોકજાગૃતિ ઉભી કરવાના આશયથી બુધવારે બહુચરાજી તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં જોડાયેલા કાર્યકરોએ જળબચત અંગે નારા લગાવ્યા હતા.

બહુચરાજી તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત બાઈક રેલી પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ રૂત્વીજ પટેલ અને પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલની આગેવાનીમાં નીકળી હતી. હાઈવે પર રિલાયન્સ પેટ્રોલપંપની શરૂ થયેલી બાઈક રેલી શક્તિ ચોક, પ્રાથમિક શાળા, દયાનંદ કોમ્લેક્ષ, નીચલી બજાર, ઉપલીબજાર થઈ હાઈવે પર પહોંચી હતી. રેલીમાં પાણી બચાવો જીવન બચાવોના પ્લેકાર્ડ તેમજ સૂત્રોચ્ચાર સાથે જળબચત અંગે લોક જાગૃતિ ઉભી કરવાનો પ્રયાસ કરયો હતો. રેલીમાં યુવા મોરચાના જિલ્લા પ્રમુખ પ્રકાશ પટેલ, બહુચરાજી તાલુકા પ્રમુખ દેવાંગ પંડ્યા, પ્રદેશ ઉપાધ્યક્ષ દર્શક ઠાકર, જિલ્લા પ્રભારી વિનય દેસાઈ સહિત મોટી સંખ્યામાં યુવા કાર્યકરો જોડાયા હતા. રેલી બાદ ઋત્વીજ પટેલ,રજનીભાઈ પટેલ સહિતે મેડોસર તળાવમાં ચાલી રહેલા જળસંચય અંગેના કામનું નિરિક્ષણ કર્યું હતું અને તળાવ ઉંડું થતાં ચોમાસામાં વધુ પાણીનો સંગ્રહ થવાથી ભૂગર્ભ જળ ઉંચા આવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# ''કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૮''જિલ્લા માહિતી કચેરી, પાટણ ખાતે મળશે

પાટણ

કારકિર્દી ઘડતર અને ધોરણ-૧૦ તથા૧૨પછી કઈદિશામાં કેરિયર બનાવવી તેની સુંદર માહિતી અને માર્ગદર્શન આપતો ગુજરાત રોજગારસમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૮ રાજ્ય સરકારના માહિતી ખાતા ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ વિશેષાંકની કિંમત રૂ. ૨૦/- છે.જે જિલ્લા માહિતી કચેરી, સિધ્ધપુર ચાર રસ્તા સરદાર કોમ્પલેક્ષની પાછળ પાટણ ખાતે મળશે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | પીલુડા | બાજરી | ૨૩૦-૨૪૬ |
| રાયડો : | ૭૩૫ થી ૭૫૫ | ઘઉં | ૩૦૨-૩૨૦ |
| એરંડા : | ૭૮૦ થી ૮૦૫ | | થરા |
| જીરું : | ૨૬૦૦ થી ૨૯૧૩ | જીરૂ | ૨૪૦૦-૩૨૨૬ |
| સુવા : | ૮૩૦ થી ૮૭૧ | એરંડા | ૭૭૫-૭૮૩ |
| ઈસબગુલ : | ૧૨૪૦ થી ૧૪૫૧ | રાયડો | ૭૦૦-૭૨૩ |
| અજમો : | ૧૪૩૦ થી ૧૭૭૫ | ઘઉં | ૩૨૦-૩૮૦ |
| મેથી | ૬૦૦ થી ૬૦૦ | બાજરી | ૨૩૫-૨૫૦ |
| ચીકુડી : | ૧૧૯૦ થી ૧૨૮૦ | વરી. | ૧૨૦૦-૧૮૫૨ |
| ચણા | ૬૧૧ થી ૬૧૧ | ગવાર | ૬૯૦-૭૦૦ |
| અસાળીઓ | ૬૭૦ થી ૬૭૦ | | સિધ્ધપુર |
| ધાણા | ૭૨૫ થી ૭૨૫ | વરી. | ૧૨૬૧ |
| | ડીસા | રાયડો | ૬૯૨-૭૫૮ |
| ઘઉં | ૩૨૩-૪૦૪ | એરંડા | ૭૪૦-૭૮૪ |
| બાજરી | ૨૨૦-૨૬૦ | ઘઉં | ૩૨૦-૪૫૮ |
| રાજગરો | ૧૧૨૨-૧૨૧૧ | મેથી | ૪૮૧ |
| જીરૂ | ૨૭૩૫-૨૭૬૫ | ગવાર | ૭૦૦-૭૩૨ |
| વરી. | ૧૧૫૦ | જુવાર | ૫૫૭-૭૪૬ |
| તમાકુ | ૧૦૦૧-૧૩૫૧ | કપાસ | ૭૦૦-૯૦૦ |
| રાજગરો | ૧૧૮૦-૧૨૭૩ | બાજરી | ૨૩૦-૨૬૫ |
| સુવા | ૮૧૫ | સવા | ૮૩૦-૯૬૦ |
| ઈસ. | ૧૦૨૫-૧૧૫૦ | | પાટણ |
| એરંડા | ૭૭૨-૭૮૪ | જીરૂ | ૨૩૫૦-૨૮૩૫ |
| રાયડો | ૭૦૦-૭૩૩ | વરીયાળી | ૧૧૪૧-૧૪૧૩ |
| | પાંથાવાડા | મેથી | ૪૩૧-૬૨૯ |
| ઘઉં | ૨૮૦-૩૫૧ | સુવા | ૬૦૦-૯૩૪ |
| બાજરી | ૨૩૧- ૨૩૫ | રાયડો | ૬૬૦-૭૬૭ |
| ગવારા | ૬૯૧ | એરંડા | ૭૫૦-૭૮૯ |
| રાજગરો | ૧૧૫૧ | ઈસ. | ૮૦૦-૮૧૦ |
| ઈ.ગુલ | ૧૦૭૦-૧૧૮૧ | અજમો | ૫૮૦-૧૧૩૮ |
| એરંડા | ૭૬૫-૭૮૧ | ઘઉં | ૩૧૮-૩૯૮ |
| રાયડો | ૭૨૫/-૭૪૪ | બાજરી | ૨૧૧-૨૬૨ |
| | ધાનેરા | બંટી | ૩૩૬ |
| ઘઉં | ૩૦૮-૩૪૬ | જવ | ૨૭૦-૨૮૭ |
| બાજરી | ૨૩૦-૨૬૧ | ચીકુડી | ૧૨૨૦-૧૩૦૦ |
| જવ | ૨૯૦-૩૦૦ | રજકો | ૧૮૦૦-૨૮૦૦ |
| ગવાર | ૭૦૫-૭૨૪ | | થરાદ |
| રાયડો | ૬૭૦-૭૩૮ | રાયડો | ૭૨૫-૭૫૪ |
| એરંડા | ૭૬૧-૭૮૭ | એરંડા | ૭૬૦-૭૮૫ |
| સુવા | ૮૫૦-૯૦૩ | જીરુ | ૨૫૦૦-૩૦૦૦ |
| ઈસ. | ૧૦૫૦-૧૫૨૧ | વરીયાળી | ૯૯૧-૧૨૯૮ |
| જીરૂ | ૨૫૭૦-૨૮૧૦ | ચિકુડી | ૧૦૦૧-૧૨૪૨ |
| રાજગરો | ૧૦૦૦-૧૧૦૦ | ઈસબગુલ | ૧૩૦૦-૧૬૫૦ |
| અજમો | ૫૦૦-૧૫૦૦ | અજમો | ૧૦૦૦-૨૪૦૦ |
| ચીકુડી | ૧૦૯૦-૧૨૫૧ | રજકો | ૨૦૦૦-૨૭૦૦ |
| અસાળીયો | ૭૪૦-૭૬૬ | મેથી | ૪૫૦-૬૫૦ |
| વરીયાળી | ૧૦૪૦-૧૨૪૬ | સોવા | ૬૮૦-૮૬૦ |
| મેથી | ૬૦૬ | ગવાર | ૬૮૦-૭૧૭ |
| રજકા બાજરી | ૪૦૮-૪૩૧ | | રાહ |
| તલ | ૧૧૦૦ | રાયડો | ૭૧૦-૭૩૫ |
| | ભીલડી | એરંડા | ૭૬૫-૭૭૫ |
| એરંડા | ૭૭૦-૭૮૫ | ચિકુડી | ૧૧૦૦-૧૨૩૦ |
| રાયડો | ૭૧૦-૭૨૦ | સોવા | ૭૮૦-૮૪૦ |
| રાજગરો | ૧૧૪૨-૧૧૯૪ | બાજરી | ૨૫૦-૨૭૧ |

# હિમતનગર R.T.O સર્કલ પાસેથી ૧૪૧ લિટર દેશી દારૂ સહિત રિક્ષા ઝડપાઈ




હિંમતનગર

રાજ્યમાં કડક દારૂબંધી નો કાયદો અમલમાં છે છતાં રોજ-બરોજ દારૂ વેચાય છે અને તેટલો જ દારૂ પીવાય છે પોલીસ તંત્ર પણ સતત પ્રયત્નશીલ રહે છે દારૂબંધીના અમલ માટે પરંતુ દારૂના માફિયા ગમે તે ભોગે રાજ્યમાં દારૂ ઘૂસાડવા માટે અનેક પ્રકારે કોશિશ કરતા રહે છે પરંતુ કાયદો કડક હોવા છતાં દારૂ કોની મહેરબાનીથી વેચાય છે અને પીવાય છે તે ખૂબ જ સમજવા જેવા સવાલ છે

સાબરકાંઠા જિલ્લાની એલ.સી.બી પોલીસના ઇન્ચાર્જ પી.આઈ પી.પી વાઘેલાની ટીમના વિક્રમસિંહ તેમજ એ.એસ.આઈ વિષ્ણુ ભાઈ અમરાજી શહેરના આરટીઓ સર્કલ પર સવારે વોચ ગોઠવી ત્યાં પસાર થતી રીક્ષા નંબર જીજે ૯ ટ ૪૩૭૯ ની તલાશી લેતાં તેમાં કુલ ૧૪૧ લિટર દારૂ જેની કિંમત રૂપિયા ૨૮ ૨૦ અને રિક્ષા જેની કિંમત ૫૦ હજાર મળી કુલ ૫૨, ૮૨૦ નો મુદ્દામાલ સહિત બે આરોપીઓ રાજુસિંહ માણુસિંહ રાઠોડ મેહુતાપુરા હિંમતનગર અને મનુજી રમણજી ભીલ ભીલવાસ હિંમતનગરની ધરપકડ કરી છે બંને આરોપીઓને હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનને સોપવામાં આવતા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખેરાલુમાં બે ટોળા વચ્ચે જૂથ અથડામણ, વિસનગરના ડી.વાય.એસ.પી ઘાયલ

ખેરાલુ

ખેરાલુના સાગથળા ગામે મોડી રાત્રીના સમયે જૂથ અથડામણનો બનાવ બન્યો છે અને પથ્થરમારાની આ ઘટના બની હતી જેમાં ડી વાય એસ પી ઈજાગ્રસ્ત થયા છે.

ખેરાલુના સાગથળા ગામે જૂથ અથડામણ થતા ૬ જેટલા લોકો ઘાયલ થયા છે મોડી રાત્રીના સમયે આ જૂથ અથડામણની ઘટના બની હતી ત્યારે મહેસાણા એસ પી સહિત નો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જોકે પોલીસે ટોળાને કાબુમા લેવા માટે ૪ જેટલા ટીયર ગેસના સેલ છોડ્યા હતા અને ટોળાને કાબુમા લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બેકાબુ ટોળાએ કાબુ ગુમાવતા આ પથ્થરમારામા વિસનગરના ડી.વાય.એસ.પી પણ આ પથ્થર મારામા ઘાયલ થયા હતા. જોકે ત્યાર બાદ પોલીસે કોબમિંગ શરૂ કર્યું હતું અને ૨૫ થી વધુ લોકોની અટકાયત કરી હતી.

સાગથળા ગામે બે જૂથના ટોળાઓ આમને સામને આવી ગયા હતા અને એક બીજા પર પથ્થરમારો કર્યો હતો. જોકે પોલીસે ટોળાને કાબુમા લીધો હતો. બાદમાં બેકાબુ ટોળા પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો જેમાં ડી.વાય.એસ. પી ઘાયલ થયા છે. જોકે હાલ પોલીસે ટોળાઓ ને કાબુમાં લઇ લીધો છે અને હાલ ગામમાં શાંતિપૂર્ણ માહોલ જોવા મળી રહ્યો છે અને હાલ પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# હિંમતનગર આરટીઓ કચેરી સામે આવેલ બેન્ક ઓફ બરોડાના એટીએમ કેશલેસ




હિમતનગર

સમગ્ર દેશમાં એટીએમમાં નાણાં નથી ની બૂમરેંગ પડી રહી છે અને સરકાર દાવો કરી રહી છે કે એટીએમમાં નાણાં પૂરા પ્રમાણમાં હોય છે પરંતુ સરકારશ્રીનો આ દાવો હિંમતનગરના આરટીઓ કચેરી સામે આવેલ બેંક ઓફ બરોડા એટીએમ ખોટો પુરવાર કર્યો છે

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે હિંમતનગર શહેરના ઝહીરા બાદ સવગઢ પંચાયત વિસ્તારમાં આવેલા આરટીઓ કચેરીની સામે રોયલ કોમ્પ્લેકસમાં ગ્રાહ-કોને સારી સુવિધા મળે તે હેતુથી બેન્ક ઓફ બરોડા દ્વારા એ.ટી.એમ ની સુવિધા પૂરી પાડવામાં આવી છે પરંતુ આ વિસ્તારની જનતા બદનસીબી કહો કે તંત્રની બેદરકારી એ.ટી.એમ મોટાભાગે ખાલીખમ જોવા મળે છે દૂર-દૂરથી આરટીઓ કચેરીમાં કામ અર્થે આવતા અરજદારોને આના લીધે ખૂબ જ તકલીફોનો સામનો કરવો પડે છે તંત્રને રજૂઆત છતાં પરિણામ શૂન્ય જ છે લોકોની માંગ છે કે સાબરકાંઠા જિલ્લા કલેક્ટરશ્રીની નાની-નાની બાબતો પર નજર રાખી નાગરિકોને પડતી તકલી ફોમાંથી નાગરિકોને મુક્ત કરવા જોઈએ તેવી ગ્રાહકોની માંગ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ એટીએમમાં નાણાં ન હોવા છતાં એટીએમમાં બબ્બે એસી સતત ૨૪ કલાક ચાલુ રહેતાં હોય છે જેના લીધે ગ્રાહકો ઉપર જ તેનો ભારણ પણ પડતું હોય છે તેવું ગ્રાહકોમાં ચર્ચાય છે.

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા રાજકોટ ખાતે થયેલી દલિતની હત્યાની ન્યાયિક તપાસ કરવા આવેદન પત્ર અપાયું

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાબરકાંઠા જિલ્લા કલેક્ટરશ્રીને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં માંગ કરવામાં આવી છે કે ૧. મૃત્યુ પામનાર દલિત યુવાનની પત્નીને આજીવિકા ચાલે તે માટે પાંચ એકર જમીન આપવામાં આવ ૨. રહેણાકના હેતુસર સરકાર મકાન બનાવી આપે ૩. બાળકોના શિક્ષણ માટે જ્યાં સુધી બાળકો ભણે ત્યાં સુધી સ્વનિર્ભર શાળા કોલેજ નો સંપુર્ણ ખર્ચ સરકાર ઊઠાવે ૪. મૃત્યુ પામનારના પત્નીની લીવર/ વાળની ગંભીર બીમારી છે તો તેનો સંપૂર્ણ ખર્ચ સરકાર ઉઠાવે ૫. નિયમ મુજબની તમામ સહાય તાત્કાલિક ચુકવવી આપવામાં આવે ૬. ગુજરાતમાં દલિતો ઉપર થયેલ અન્યાય ના તમામ કેસોનો ઝડપથી નિકાલ કરી દોષીઓને કડકમાં કડક સજા આપવામાં આવે ૭. ઉના અને થાનગઢના કિસ્સામાં સરકારે જે કોઈ વચનો આપ્યા છે તે વિના વિલંબે પૂર્ણ કરે તેવી લાગણી અને માંગણી કરવામાં આવી હતી આજનો આ સમગ્ર કાર્યક્રમ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મણીભાઈ પટેલ ની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો.જેમાં જિલ્લા S.C સેલના ચેરમેન કાંતીભાઈ પરમાર ગત વિધાનસભાના ઉમેદવાર કમલેશભાઈ પટેલ નીતિન પરમાર કમળાબેન પરમાર ઈશાક શેખ ચંદ્રસિંહ ઝાલા લાલસિંહ પરમાર અશોકભાઈ પટેલ રાજુભાઈ ડોણ નિશાર ભાઈ શેખ શહેર પ્રમુખ સતિષભાઈ શાહ કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર જયદેવ બારોટ અને સુરેશ પટેલ ભાવિન પટેલ એડવોકેટ ચીમનભાઈ પરમાર સહિત અન્ય કાર્યકરો જોડાયા હતા અત્રે ઉલ્લેખનીય છે કે સર્કિટહાઉસ ખાતે જયારે કોંગ્રેસી કાર્યકરો ભેગા થયા હતા ત્યારે ત્યાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ શ્રી હર્ષદ પટેલ હાજર રહ્યા પરંતુ આવેદનપત્ર આપવા સમયે તેમની ગેરહાજરી ઘણું બધુ કહી જાય છે છેલ્લા કેટલાય સમયથી કારોબારી અધ્યક્ષ અને સત્તાનો નશો ચડેલો હોય તેવું કાર્યકરો ને લાગી રહ્યાનો અહેસાસ થઇ રહ્યો છે જિલ્લા પંચાયતની ચૂંટણી વખતે હર્ષદ પટેલ પોતાની સ્થિત ૪૫૦૦ મતે જીત મેળવી હતી જ્યારે ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવાર કાંકરોલ સીટ ઉપર ૯૫૦ જેટલા મત-માયનસ રહ્યા હતા જો આ સિટ ઉપર કોંગ્રેસ માયનસ ન થઈ હોત તોપણ કોંગ્રેસના કમલેશ પટેલ હિમતનગર વિધાનસભાની બેઠક જીતી શક્યા હોત આ સચ્ચાઈ છે જે કોંગ્રેસ પાર્ટીએ સ્વીકારવી જ રહી.

# મહેસાણા પાલિકાની કારોબારીમાં શહેરના મહત્વના પ્રશ્નોની ચર્ચા

મહેસાણા

મહેસાણા નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક ગત બુધવારે પાલિકાના હોલમાં મળી હતી. જેમાં શહેરના વિવિધ વિસ્તારોના સીસીરોડ, સ્ટ્રીટલાઈટ, વોટર વર્કસ શાખાના કામોની ચર્ચા કરવામાં આવી હતી.

જયારે શહેરના ફૂટપાથ પાર્કિંગ એરિયા, કંમ્પાઉન્ડ બનાવવા તેમજ ગેટ મુકવા સહિતના કામોની ચર્ચા કરવામાં આવેલ.

મહેસાણા પાલિકાના કારોબારી સમિતિના ચેરમેન કૌશિકભાઈ વ્યાસની અધ્યક્ષતામાં બુધવારે સવારે પાલિકાના હોલમાં બેઠક યોજાઈ હતી. જેમાં શહેરના વિવિધ વિસ્તારોના સીસીરોડના કામોને મંજુર કરવામાં આવ્યા હતા. જયારે શહેરના પરા તળાવમાં ટોપ ટ્રેન માટે વ્હીલ વાળી ટ્રેન મુકવા મંજુરી અપાઈ હતી. આ ઉપરાંત શહેરના હાઈવે સહિતના વિસ્તારોમાં નવા ૧૫૦ લોખંડના વોલ ઉભા કરી વાર્ષિક કોન્ટ્રાકરનો ઈજારો આપવા ઈટેન્ડરીંગ થયું હતું. જેમાં યશ કોર્પોરેશનના નીચા ભાવ મળતા આ કંપનીનું વીજ વોલનું કામ મંજુર કરાયું હતું.

# ઊંઝાના ઉપેરા ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા : ૧.૫૦ લાખના દાગીના ચોરાયા

ઊંઝા

ઊંઝા તાલુકાના ઉપેરા ગામે સાંજના સમયે બંધ મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરોએ ઘરમાંથી આશરે દોઢલાખ રૂપિયાના સોના - ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ ઘટના સંદર્ભે ફરિયાદ ન નોંધાતા મકાન માલીક તજવીજ હાથ ધરી છે.

આ સંદર્ભે ઉપેરા ગામમાં મોહનકુંજ સોસાયટીમાં રહેતા કૌશિકભાઈ ખોડાભાઈ પટેલ ગત શનિવારે પરિવાર સાથે અમદાવાદ ગયેલ અને ઘરે તેમની માતા સાંજે ઘર બંધ કરી ખેતરમાં ચારો લેવા ગયેલ તે દરમિયાન બધ મકાનનો લાભ લઈ કોઈ જાણ ભેદુ ઈસમોએ મકાનને ટાર્ગેટ બનાવી ઘર ખોલી તિજોરીમાંથી સોનાનું મંગળસુત્ર, બે વીંટી, કાનની બુટ્ટી, ચાંદીનો કંદોરો, કડલા સહિત લગભગ દોઢ લાખની કિંમતના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

મોડી સાંજે ઘરના સભ્યોએ ઘરે આવીને તિજોરી ખુલ્લી જોતાં ચોરી થઈ હોવાનું નજરે પડતા ભારે ચકચાર મચી જવા પામી હતી. ચોરીમાં કોઈ જાણ ભેદુ ઈસમો હોવાની આશંકા જણાય છે. આ અંગે મકાન માલીકે ઊંઝા પોલીસ સ્ટેશને ફરિયાદો નોંધાવી તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# સાંતલપુરના ૯ ગામોમાં જળ સંકટ ૧૬૦૦૦ લોકો ટેન્કરના સહારે

પાટણ

કચ્છ બ્રાન્ચ કેનાલમાં અગાઉ છોડેલું પાણી ખુટી પડતાં છેલ્લા બે દિવસથી સાંતલપુર તાલુકામાં પીવાના પાણીની કટોકટી સર્જાઈ છે. આ વિસ્તારમાં કોઈ ખાનગી બોર ન હોવાથી લોકોને ટેન્કરના સહારે પાણી મેળવવું પડે છે. આવી પરિસ્થિતિમાં પાટણ જિલ્લા તંત્રએ નર્મદાના સત્તાવાળાઓને કેસીબીમાં પાણી છોડવા પત્ર વ્યવહારથી રજુઆતો કરી છે.

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં અગાઉ ૧૮ ગામોને પીવાના પાણીનો પ્રશ્ન હોવાથી તંત્રએ ખાનગી બોર ભાડે રાખી તેનું કનેકશન સંપમાં કરાવી દીધું છે જેથી ગ્રામજનોને સીધુ ઘરે પાણી મળતું થઈ ગયું છે.

આ તરફ સાંતલપુર નજીક કલ્યાણપુરા પાણી પુરવઠા હેઠળ આવતા ચારણકા આલુવાસ, એવાલ, ફાંગલી, આંતરનેસ, કિલાણા, વાવરડા અને જકોત્રા સહિતના ૯ ગામોમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે જળસંકટ સર્જાયું છે. કચ્છ બ્રાન્ચ કેનાલમાં છોડાયેલું નર્મદાનું પાણી પુરુ થઈ જતાં કેનાલ સુકી ભઠ્ઠ બની છે.

સુત્રોએ જણાવ્યું હતું કે કેસીબીમાં પાણી છોડતાં ભાભર પંથક નજીકના ખેડૂતો સિંચાઈ પાણી ખેંચતા હોવાથી પાણી બંધ કરવામાં આવ્યું છે જેની સીધી અસર સાંતલપુરને પડી છે. પાણી પુરવઠા એકમના સૂત્રોએ જણાવ્યું છે કે નવ ગામોનો વિસ્તાર ખારોપટ હોવાથી ખાનગી બોર પણ નથી. આથી ૮ સરકારી ટેન્કર દ્વારા ૯ ગામોને પાણી પહોંચતું કરાય છે.

# ઉંઝામાં શ્રમિક પરિવારની દિકરીનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર વિરૂધ્ધ ફરિયાદ

ઉંઝા

ઉંઝા ખાતે ભાડેથી રાખેલ મકાનમાં રહેતા નજીકના જ ગામના એક શખ્સે ગરીબ પરિવારની સગીર વયની દિકરીનું અપહરણ કરી ઘેર લઈ જઈ કેફીપીણું પીવડાવી બેભાન અવસ્થામાં વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવા બાબતે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિગત એવી છે કે ઉંઝા શહેરમાં રહેતા એક શ્રમિક ગરીબ પરિવારની સગીર વયની દિકરી એક સોસાયટીમાંથી સફાઈકામ કરી તે પરત ઘેર જઈ રહી હતી ત્યારે માર્ગમાં એકટીવા લઈને આવેલ નજીકના ઐઠોર ગામના એક શખ્સે સગીરાને ધાક ધમકીઓ આપી જારકર્મ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કર્યું હતું. આ શખ્સ ભાડેથી રાખેલ એક મકાનમાં સગીરાને લઈ ગયો હતો. જ્યાં ખાવા પીવાની ચીજ વસ્તુઓમાં કેફીપીણું ભેળવી તેણીને ખવડાવી પીવડાવી બેભાન અવસ્થામાં વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.

આ બનાવ અંગે સગીરાના વાલીની ફરિયાદના આધારે ઉંઝા પોલીસે દર્શન મહેન્દ્રભાઈ પટેલ મૂળ રહે. ઐઠોર હાલ ઉંઝા વિરૂધ્ધ અપહરણ બળાત્કાર, પોસ્કો અન્વયે ગુનો દાખલ કરતાં મહેસાણા એસ.સી.એસ.ટી.સેલના ડી.વાય.એસ.પી.એ તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરમાં આરટીઓના ટ્રેક જેવો જ ટ્રેક તૈયાર કરાયો

હિંમતનગર

આરટીઓમાં આવેલા નવા નિયમો મુજબ ફોર વ્હીલર વાહનોના લાયસન્સ માટે અમુક સમયમાં ટ્રેક પર ટ્રાયલ લેવી ફરજીયાત છે. જો કે અનુભવના અભાવે મોટાભાગના લોકો આ ટ્રાયલમાં નાપાસ થાય છે. ત્યારે ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમ વખત હિંમતનગરમાં આરટીઓના ટ્રેક જેવો જ ટ્રેક તૈયાર કરાયો છે. જેમાં વાહનચાલકો લાયસન્સ કેમ કઢાવવું તે શીખી શકે છે.

આરટીઓમાં લાયસન્સ કઢાવવું એ કપરા ચઢાણ ચડવા સમાન હોય છે. અનુભવના અભાવે લાયસન્સ માટે ગયેલા લોકો આરટીઓના ટ્રેક પર પાર્કિંગ અને રીવર્સમાં જ ફેઈલ થઈ જતા હોય છે. એક અંદાજ મુજબ દર ૫૦ વ્યક્તિઓએ ૪૦ લોકો નાપાસ થઈ જતા હોય છે. ત્યારે આવા લોકોને આરટીઓ ટ્રેક પર કેવી રીતે વાહન ચલાવવું તે અંગે શિક્ષણ મળી રહે તે માટે હિમતનગરમાં આરટીઓના જેવો જ અદ્દલ ટ્રેક તૈયાર કરાયો છે. હાઈવે પર થતા મોટાભાગના અકસ્માતોમાં વાહનચાલકોની અણઆવડત મુખ્ય ભાગ ભજવતી હોય છે. ત્યારે અહી ટ્રેક પર વાહન ચલાવવાની તાલીમની સાથે-સાથે હાઈવે પર કઈ રીતે વાહન હંકારવા તેની પણ તાલીમ આપવામાં આવે છે. જેને કારણે તાલીમ લીધેલા લોકો આસાનીથી આરટીઓ ટ્રેક પર પાસ થઈ જાય છે. હિંમતનગરમાં શરૂ કરાયેલી આ પહેલને કારણે હાલમાં ઘણા લોકો આસાનીથી પોતાની પરીક્ષામાં પાસ થઈ રહ્યા છે. ત્યારે આર.ટી.ઓ વિભાગ દ્વારા પણ લાયસન્સ લેવા આવનારને. અહીં આપવામાં આવતી માહિતી આરટીઓમાં જ આપવાની વ્યવસ્થા ઉભી કરાય તો લોકો માટે તે આશીર્વાદ રૂપ બની રહે તેમ છે.

# પાટણ જિલ્લાની સાત તા. પંચાયતમાં પ્રમુખની બેઠક બિન અનામત

પાટણ

પાટણ જિલ્લાની ૯ તાલુકા પંચાયતના પ્રમુખની બેઠકનો પ્રકાર જાહેર કરી દેવામાં આવ્યો છે. જેમાં ૭ બિનઅનામત પૈકી ૩ તા. પંચાયતમાં મહિલા, જ્યારે ૪ માં પુરૂષ ડેલીગેટ પ્રમુખ બનશે. ત્યારે સાંતલપુર અને સરસ્વતી તાલુકા પંચાયતમાં અનામત વર્ગની મહિલા પ્રમુખ બનશે. પાટણ જિલ્લા પંચાયતના પ્રમુખની બેઠક સામાન્ય વર્ગના પુરૂષને મળશે. ત્યારે જિલ્લાની ચાણસ્મા, પાટણ, રાધનપુર અને સમી સહિતની ચાર તાલુકા પંચાયતમાં પણ સામાન્ય વર્ગના પ્રમુખ બનશે. જ્યારે સરસ્વતી તાલુકા પંચાયતમાં એસ.સી. મહીલા અને સાંતલપુર તા.પંચાયતમાં બક્ષીપંચ મહિલા પ્રમુખ બનશે.આમ બેઠકનો પ્રકાર જાહેર થઈ જતાં સત્તાધારી પાર્ટીના ડેલિગેટો હરકતમાં આવી મથામણમાં પડ્યા છે.